Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसगुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायते सत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर संवत् २४४३ भाद्रपद. आत्म सं. २२. } अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | સાંવત્સરી ક્ષમાપના ... | ...૨૭ |
| ૨ | શ્રીવીર પ્રબોધક. ... | ...૨૮ |
| ૩ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ...૨૯ |
| ૪ | આસહિતરહિત કર્મ. ... | ...૩૪ |
| ૫ | પંદરમા વર્ષમાં પ્રવેશ અને તત્સંબંધી ઉપયોગી સૂચનાઓ. ... | ...૪૩ |
| ૬ | એજ્યુકેશન બોર્ડ ઉપર મોકલવામાં આવેલી અરજી... ... | ...૪૮ |
| ૭ | આવશ્યક સૂચના. ... | ...૫૦ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જલદી મંગાવો.

# સંસ્કૃતના અભ્યાસીઓને એક ઉમદા તક.

**૧ શ્રી ગાંગેય ભંગ પ્રકરણ.** **૨ મૃગાંક ચરિત્ર.**

ઉપરના બને સંસ્કૃત ગ્રંથો ઉંચા એન્ટીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી ટાઇપમાં છપાઇ હાલમાં પ્રસિદ્ધ થયેલ છે. સંસ્કૃત અભ્યાસીઓને ખાસ ઉપયોગી હોવાથી તેનો સર્વ લાભ લઇ શકે તે હેતુથી કિંમત પ્રથમ ગ્રંથની રૂા. ૦-૨-૬ તથા બીજા ગ્રંથની રૂા. ૦-૧-૬ માત્ર નામની સાધારણજ રાખેલી છે. પોસ્ટેજ જુદું. શ્રી આત્માનંદ સભાએ પ્રસિદ્ધ કરેલ છે, જે અમારે ત્યાંથી મળશે.

---

# શ્રી કુવલયમાલા કથા.

## ( સંસ્કૃત ગ્રંથ. )

આ ગ્રંથના પ્રણેતા શ્રીમાન્ રત્નપ્રભસૂરિ છે. આ ગ્રંથ કથાનુયોગનો ઘણો જ રસિક છે. બહુજ રસિક ચરિત્રોનું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. કષાયો પ્રાણીને સંસારમાં કેવી રીતે રખડાવે છે તેનું અદભુત ચિત્ર આપવામાં આવેલું છે. એક વાર શરૂ કર્યા પછી પૂર્ણ કર્યા સિવાય હાથમાંથી આ ગ્રંથ છોડવાનું મન થતું નથી, સાથે સુંદર બોધ પણ આપેલો છે. એકંદર રીતે ઉત્તમ પંકિતનો ગ્રંથ છે. અને તે **સરલ સંસ્કૃત ભાષામાં** હોવાથી કોલેજ, પાઠશાળામાં કે ઘેર બેઠા અભ્યાસ કરતા સંસ્કૃતના અભ્યાસીઓ-વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ખાસ ઉપયોગી છે. ઉંચા એન્ટીક પેપર ઉપર નિર્ણયસાગર પ્રેસમાં છપાવી સુંદર બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, કિંમત માત્ર રૂા. ૧-૮-૦ પોસ્ટેજ જુદું


---

# જોઇએ છીએ.

શ્રી પાલણપુર જૈનશ્વેતાંબર મુર્તિપુજક શ્રાવિકાશાળામાં બાઇઓને ધાર્મિક અભ્યાસ કરાવવા માટે એક જૈન સ્ત્રીશિક્ષક જોઇએ છીએ

સદરહુ શિક્ષકનો અભ્યાસ પાંચપ્રતિક્રમણ પ્રકરણો, કર્મગ્રન્થ અને સંસ્કૃત બે બુકોનો હોવો જોઇએ. કદાચ સંસ્કૃત ન્યુન હશે તો ચાલશે.

સદરહુ શિક્ષક સ્કુલની કેળવણી લીધેલ તથા ભરત શિવણ આદિ ઉદ્યોગ જ્ઞાનવાળાને વધુ પસંદ કરવામાં આવશે.

ઉમેદવારોએ પોતાની અરજી નીચેના શીરનામે મોકલવી, તેમાં અભ્યાસ, ઉમર વિગેરેની વિગત લખવી, કોઈ સર્ટીફીકેટ હોય તો તેની નકલ બીડવી.

પગાર લાયકાત મુજબ આપવામાં આવશે, વધુ ખુલાસા માટે પત્રવ્યવહાર કરવો

**ચંદુલાલ સોભાગચંદ કોઠારી.**
સેક્રેટરી,
**શ્રી આત્મવલ્લભ જૈન કેળવણી ફંડ--પાલણપુર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १५ ] वीर संवत् २४४३, भाद्रपद, आत्म संवत् २२. [ अंक २ जो.

## " सांवत्सरिक क्षमापना. "

( ગઝલ. )

ગુરૂ હો પૂજ્ય હો વા કે, અગર તુમ ભ્રાત હો મારા;
મુરબ્બી સ્નેહિ મારા હો, તમોને હું ખમાવું છું. ૧
કીધાં જે કર્મ મેં મનથી, અગર વાણી કે કાયાથી;
સહુ તે હું ખમાવું છું, ક્ષમા સૌ આપજો પ્યારા. ૨
થયાં જે કર્મ મમ પ્રત્યે, તમોથી રાગ કે દ્વેષે;
સહુની હું ક્ષમા અર્પું, શુભાશય ચિત્તમાં ધારી. ૩
ખરા ખંતે ખમાવીને, ક્ષમા તો આપવી સહુને;
પ્રભુ શ્રી વીરના વચને, પૂરાણી રીત આમ ધર્મે. ૪
જગતના ભૂત માત્રોને, હિતસ્વી જાણીને મારા;
રહી હું ભ્રાતૃ ભાવેથી, પૂજું શ્રી પાદ જિન કેરા. ૫

मुनिराजश्री क्षमानन्द.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# श्री वीर प्रबोधक.

## पर्यूषण पर्वाराधन रुप तप स्वरूपः

( માતા મારૂ દેવીના નંદ —એ ચાલ )

ભવિ ! પર્યુષણ આવ્યાઆજ, તપ કરવો નિજ કર્મ ખપાવા;
ફરમાવે જિનરાજ. .... .... .... .... .... ભવિ૦
કર્મ તણું છે જવલન જેહથી, જ્ઞાન એહ તપ કહિયે;
અભ્યન્તર તપ વૃદ્ધિ કારણ, બાહ્ય તપ આદરિયે. ભવિ .૧
લોક પ્રવર્તન રૂપ તપસ્યા, બાલને સુખથી હોવે;
પ્રાતિ શ્રોતસિકિ વૃત્તિ રૂપ, તપ તિંહા જ્ઞાની જોવે. ભવિ. ૨
શીત તાપાદિ દુઃસહ છતાં પણ, ધન અર્થિને ન લાગે;
ભવ વિરકતજ તત્ત્વ જ્ઞાનીને, તદ્વત્ દુઃખ ન જાગે. ભવિ. ૩
મધુરતા છે ઉપેય તણી જ્યાં, તેહમાં પ્રવૃત્ત દેખો;
જ્ઞાનવાન તપસ્વી કેરો, આનંદ વૃદ્ધિ પેખો. ભવિ. ૪
દુઃખ રૂપ તપ બૌધો માને, માટે છે વ્યર્થજ જાનો;
આનંદ તણી અવિનાશી બુદ્ધિ, નષ્ટ થઈ છે પિછાનો. ભવિ, ૫
તે તપ જિનવરે શુદ્ધ કહ્યો છે, જે તપ કરતા થાવે;
બ્રહ્મચર્ય જિનપૂજા સાથે, કષાય હનન નિપજાવે, ભવિ. ૬
દુર્ધ્યાન નહિ જે તપ કરતા, યોગ હિન પણું નાવે;
ઇંદ્રિય તણો [1]વિનાશન જેથી, તે તપ ઇષ્ટ ગણાવે. ભવિ. ૭
મૂળ અને ઉત્તર ગુણ શ્રેણી રૂપ સમૃદ્ધિ સોહાવે;
બાહ્ય અને અભ્યંતર એવિધ, તપ કરતા ભવિ પાવે. ભવિ. ૮

મુંબઇ–છીપીચાલ,
ભાદ્રપદ શુકલ પ્રતિપદા.
( જીજ્ઞાસુ ઉમેદવાર )

---

૧ ઇંદ્રિય દમન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## શકુનિકા વિહાર.

ગતાંક પૃષ્ટ ( ૧૨ ) થી શરૂ.

### મૂળપાઠનું ભાષાન્તર. *

અહીં જમ્બુદ્વીપમાં આવેલા લંકા બેટમાં રત્નાશય પ્રદેશના શ્રીપુરનગરમાં ચંદ્રગુપ્ત ( નામે ) એક રાજા થયો. તેની સ્ત્રી ચંદ્રલેખા હતી. તેને સાત પુત્રો થયા પછી નરદત્તા દેવીની આરાધનાથી તેને સુદર્શના નામની પુત્રી થઇ. વિદ્યા કલાને પ્રાપ્ત કરીને તે કન્યા યુવાવસ્થામાં આવી. એક દિવસે જોકે અયોગ્ય છતાં પણ તે પિતાના ખોળામાં બેઠી હતી ત્યારે ધનેશ્વર નામનો ભરૂકચ્ચ (ભરૂચ) માંથી એક વેપારી આવ્યો. ત્રણ તેજાના જે એક વૈદની પાસે પડયા હતા તેની ( કાળી અને લાંબી પીપર તથા સુકાં જીંજર) વાસથી છીંક આવતાં તે 'નમો અરહન્તાણમ્' એમ બોલ્યો. આ શબ્દો સાંભળીને તે કન્યાને મૂર્છા આવી, અને આ વેપારીને (લોકોએ) માર્યો. જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તેને ( પોતાના ) પૂર્વજન્મનું ભાન આવ્યું. પેલા વેપારીને જોઇને તેણે તેને છોડી દીધો અને કહ્યું કે તે ધર્મથી આપણો ભાઇ થાય છે. જ્યારે રાજાએ તેને મૂર્છાનું કારણ પૂછયું ત્યારે તેણે ( કન્યાએ ) આ પ્રમાણે કહ્યું:—"( મારા ) પૂર્વજન્મમાં હું એક સમળી હતી. અને ભરૂકચ્ચમાં નર્મદા કિનારે આવેલા કોરંટવનમાં વડના ઝાડ ઉપર રહેતી હતી. એક વખતે વર્ષાઋતુમાં સાથે સાથે સાત દિવસ સુધી વરસાદ પડયા કર્યો. આઠમે દિવસે ક્ષુધાતુર થઇને હું શહેરમાં ભટકી અને એક શિકારીના ઘરના આંગણામાંથી માંસનો એક કટકો લઇને ઉડી ગઈ; અને તે વડની એક શાખા ઉપર બેઠી કે તરત જ મારી પાછળ આવેલા પેલા શિકારીએ મને બાણ માર્યું. મારા મુખમાંથી પડી ગએલા માંસના કટકાને તથા બાણને લઇને પેલો શિકારી ચાલતો થયો. ત વખતે કરૂણ સ્વરે રૂદન કરતી તથા આમતેમ વલખાં મારતી મને એક સૂરીએ જોઇ. તેના કમંડલુમાંથી તેણે મારા ઉપર પાણી છાંટયું અને મને 'પંચ નમસ્કાર' ભણાવ્યા. તેમાં મેં વિશ્વાસ રાખ્યો. અને મારા મરણ પછી મારો અહીં જન્મ થયો." ત્યારબાદ સંસારથી વિરક્ત થઇને તથા ઘણો આગ્રહ કરીને પિતાની રજા લીધી અને પેલા વેપારી તથા સાતસો ગાડાં સાથે તે ભરૂકચ્ચ જવા નીકળી. આમાં એકસો કપડાંનાં હતાં, એકસો કિંમતી ચીજો

*મૂળ પુસ્તકમાં, તીર્થકલ્પમાંનો પ્રાકૃત પાઠ પણ યથાવત્ આપ્યો છે, પરંતુ તે બધો અત્રે નિરૂપયોગી જાણી તેનું ભાષાંતરજ આપવું ઉચિત ધાર્યું છે. મુનિજિનવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે, એમ, ચંદન, અગરૂ, દાણા, પાણી, બળતણ, મિઠાઈ, ફળો તથા હથિઆરો માટે એમ મળી છસો ગાડાં હતાં. વળી ( બીજાં ) પચાસ લડવઈઆ માટે અને પચાસ બક્ષિસો માટે હતાં. આ પ્રમાણે સાતસો ગાડાં લઈને તે સમુદ્રના કિનારે આવી. જ્યારે ( ભરૂકચના ) રાજાએ સજ્જ થએલું લશ્કર તથા ગાડાંની હાર જોઇ ત્યારે તેને લાગ્યું કે લંકાધિપતિ હુમલો કરવા આવે છે. તેથી તે વેપારીએ કિનારે ઉતરીને ગામના લોકોનાં મન સંતોષ્યાં, તેમને ભેટો આપી અને સુદર્શણાના આવવાની ખબર રાજાને આપી. તેથી તે તેને મળવા ગયો. કન્યાએ તેને નજરાણો કર્યો અને નમસ્કાર કર્યા અને તેના ગામમાં આવવાથી, ગામમાં ઉત્સવ થઈ રહ્યો. તેણે દેવાલયની મુલાકાત લીધી અને વિધિ પ્રમાણે નમસ્કાર કરી પૂજા કરી; તથા તીર્થનો ઉપવાસ કર્યો. રાજાએ આપેલા મહેલમાં તે રહેવા લાગી. રાજાએ તેને આઠ બંદરો, આઠસો ગામડાં, આઠસો કિલ્લા ( અને ) આઠસો નગરો બક્ષિસ કર્યાં. એક દિવસમાં ઘોડા ઉપર બેસીને જેટલી જમીન ઉપર જઇ શકાય તેટલી પૂર્વ તરફની જમીન આપી તથા એક દિવસમાં હાથી ઉપર જઇ શકાય તેટલી જમીન પશ્ચિમ તરફની આપી. આ બધું રાજાના આગ્રહથી જ તેણે ગ્રહણ કર્યું. એક દિવસે પેલા સૂરીને તેણે પૂર્વ જન્મની વાત પૂછી તે નીચે પ્રમાણે:-" મહારાજ, મારાં કયાં કૃત્યોથી હું સમળી બની અને મને કેવી રીતે પેલા શિકારીએ હણી ? " તેમણે જવાબ આપ્યો– " ઉત્તરમાં વૈતાઢ્ય પર્વત ઉપર સુરમ્યા નામે એક નગર હતું. ત્યાં વિદ્યાધરનો રાજા શંખ નામે રાજ્ય કરતો હતો. તેની તું પુત્રી હતી અને તારૂં નામ વિજયા હતું. એક વખતે મુસાફરી કરતાં, તેં દક્ષિણ પ્રદેશમાં આવેલા મહિષ ગામ નજીકની એક નદીના કિનારા ઉપર એક ' કુક્કુટ સર્પ ' ( બતકના જેવો સાપ ) જોયો. આવેશમાં આવીને તેં તેને મારી નાંખ્યો. ત્યાં તે નદીના કિનારા ઉપર તેં એક જીનનું દેવળ જોયું અને પરમભક્તિથી મૂર્તિને નમસ્કાર કર્યો. તને ઘણો આનંદ થયો. જ્યારે તું મંદિરમાંથી બહાર નીકળતી હતી ત્યારે મુસાફરીથી થાકી ગયેલી એક જૈન સાધ્વી તને મળી. તું તેના ચરણમાં પડી અને તેણે તને ધર્મનો ઉપદેશ કર્યો. તેં પણ તેને આરામ આપ્યો અને તેની બરદાસ રાખી. તું મોડી ઘેર ગઈ. વખત જતાં 'અર્દ્રજ્જહાન'માં ગ્રસ્ત થઇને તું પંચત્વને પામી. અહીંઆં કોરંટા વનમાં તું સમળી થઈને અવતરી અને પેલો કુકકુટસર્પ, તેના મરણ પછી, શિકારી થયો. સમળીના દેહમાં પહેલાંના દ્વેષને લીધે તેણે તને બાણ માર્યું. જીન ઉપરની તારી ભક્તિને લીધે તથા પેલી સાધ્વીની કરેલી સેવાને લીધે તને જ્ઞાન પ્રાપ્ત થયું. હજુ પણ દાનાદિ જે ધર્મો જીનોએ નિર્માણ કર્યા છે તે તું કરતી રહે. " આ પ્રમાણે ઉપદેશકનાં વચનો સાંભળીને તેણે પોતાની સર્વ દોલત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સપ્તક્ષેત્ર' દાનમાં વાપરી નાંખી. તેણે દેવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તેણે ૨૪ દેવકુલિકાઓ, એક પોષહશાલા,[1] એક દાનમંદિર તથા એક નિશાળ બંધાવ્યાં. પૂર્વ જન્મના પોતાના નામ ઉપરથી આ પવિત્ર સ્થળનું નામ શકુનિકાવિહાર[2] પાડયું, ત્યારબાદ દ્રવ્યસંલેખન અને ભાવસંલેખન* એમ બે જાતની વિરકતતા રાખ્યા પછી તથા એક અપવાસ કરીને વૈષાખ શુદિ પંચમીને દિને ઈશાન (નામના) બીજા સ્વર્ગમાં તે ચાલી ગઇ. સુવ્રતસ્વામીના દેહત્યાગ પછી ૧૧૮૪૪૭૦ વર્ષે વિક્રમ સંવતૂનો આરંભ થયો; તથા સુવ્રત સ્વામીના જન્મ પછી ૧૧૯૪૯૭૨ વર્ષે વિક્રમનો જન્મ થવાનો હતો.. આ શકુનિકા વિહારનું પ્રકરણ થયું. ભરૂકચ્ચમાં સાધારણ ઘણાં તીર્થો છે. વખત જતાં ઉદયનના પુત્ર બાહડદેવે શત્રુંજયના દેવળનો જીર્ણોદ્ધાર કર્યો ત્યાર પછી શકુનિકા વિહારનો ઉત્સવ, પોતાના પિતાના પુણ્યાર્થે અમ્બડે શરૂ કર્યો. દેવળના મથાળા ઉપર જ્યારે અમ્બડ નાચતો હતો ત્યારે સિંધવા દેવીએ હરકત કરી પણ પોતાના જ્ઞાન પ્રભાવથી હેમચંદ્રસૂરીએ તે નિર્મૂળ કરી.

છેવટના ભાગ સિવાયની ઉપરની હકીકત ઘણીજ સ્પષ્ટ છે અને તેથી વધારે સ્પષ્ટતાની જરૂર નથી. પરંતુ શકુનિકા વિહાર તીર્થને અંબડે સમરાવ્યું એ હકીકત સમજવાજેવી છે. ચાલુક્ય રાજા કુમારપાળના પ્રધાન ઉદા ( ઉદયન )ના અમ્બડ ( આમ્રભટ ) તથા બાહડ ( વાગ્ભટ ) એ બંને પુત્રો હતા. જ્યારે સુરાષ્ટ્રના રાજાની સાથે લઢાઈમાં ઉદયનને ભારે ફટકો વાગ્યો ત્યારે તેણે પોતાના પુત્રોને ઇચ્છા બતાવી કે મારા પુણ્યાર્થે શત્રુંજય ઉપર આવેલું આદીશ્વરનું દેવાલય તથા ભરૂચમાં આવેલું

૧ પોસહશાળા=પૌષધશાળા, એટલે કે જે સ્થળમાં જૈન શ્રાવકો પૌસધવ્રત કરે છે તે. 'પૌસધવ્રત' ને માટે જુઓ ડાકટર ભાંડાકારનો ઇ. સ. ૧૮૮૩–૮૪ નો મુંબઇ ઇલાકાનો 'રિપોર્ટ' ઑન ધી સંસ્કૃત મેન્યુસ્ક્રીપ્ટસ; પાને ૧૧૫.

૨ જાણવું જોઇએ કે આ હકીકતમાં સર્વ ઠેકાણે સમળીને માટે 'સૌલી' અગર 'સૌલીઆ' શબ્દ વાપરેલો છે. 'સૌલીઆ' નો અર્થ 'શકુનિકા' કરવામાં આવે છે. ( જુઓ હેમચંદ્રકૃત દેશી નામમાલા ) અને તેથી જૈન લેખકોએ જે 'શકુનિકા વિહાર' શબ્દ વાપર્યો છે તેમાં આશ્ચર્યજનક કાંઇ નથી. પરંતુ 'સૌલી' અગર 'સૌલીઆ' નું 'સવલી' અગર 'સવલીઆ' થયું હશે અને ગુજરાતીમાં ઘણીવાર 'વ' ને બદલે 'મ' વપરાય છે તેથી 'સવલી' નું 'સમલી' થયું હશે; અને આ ઉપરથી સાંસ્કૃતિરૂપ 'સમલિકા' કરવામાં આવ્યું હશે, અને તે આ લેખના મથાળે આપેલા લેખના 'સમલિકા વિહાર' માં એ શબ્દનો ઉપયોગ થયો છે.

* સંલેખન બે પ્રકારના છેઃ ( ૧ ) દ્રવ્ય સંલેખન. ( ૨ ) ભાવસંલેખન. પહેલાનો અર્થ આહાર ત્યાગ થાય છે. આહારના ચાર પ્રકાર છે. :(૧) અશન, (૨) પાન, (૩) ખાદીમ ( ૪ ) સ્વાદીમ. ભાવસંલેખનનો અર્થ 'કષાયત્યાગ' થાય છે અને કષાયોના ચાર પ્રકાર છેઃ—( ૧ ) ક્રોધ ( ૨ ) માન, ( ૩ ) માયા, ને ( ૪ ) લોભ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકુનિકા વિહાર તમે સમરાવજો. ‘ કુમારપાલ પ્રબંધ ’ માં મેરૂતુંગે આ જીર્ણોદ્ધારની સવિસ્તર હકીકત આપી છે; અને શકુનિકા વિહાર વિષે એમ કહેવામાં આવ્યું છે, કે સુવ્રતના મંદિરમાં ધ્વજા ચઢાવવાના ઉત્સવ વખતે કુમારપાળ, હેમાચાર્ય તથા અણહિલપુરની જૈનમંડળી હાજર હતી; તથા રાજાની સૂચનાથી ‘ આરાત્રિકા મંગળ ’ પણ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ઉત્સવ પૂર્ણ થતાં હેમાચાર્ય આમ્રભટની રજા લેવા આવ્યા. તે વખતે તેમણે આમ્રભટને આનંદના આવેશમાં મંદિરના મથાળા ઉપર નાચતા જોયા તે વખતે સૈન્ધની દેવીએ કાંઇક વિઘ્ન નાંખ્યું. હેમાચાર્યે આ વિઘ્નની હકીકત જાણી લીધી અને યશસ્કંદ ગણિને સાથે લઇને પક્ષીના ઉડવા સાથે ભરૂચમાં આવ્યા, જ્યાં આ દેવીની સ્થાપના હતી. ત્યાં તેમણે એક લાકડાની ખાંડણીમાં ચોખાના દાણા નાંખ્યા અને યશ્ચન્દ્ર ગણિ ખાંડવા લાગ્યો. પ્રથમના અવાજ થીજ મંદિર ડોલવા લાગ્યું અને બીજા અવાજે દેવીની મૂર્તિ પોતાની જગ્યા ઉપરથી ઉખડીને કરૂણ થઇને હેમાચાર્યના ચરણમાં આવીને પડી. ત્યાર બાદ, ‘પ્રબન્ધ ચિન્તામણિ ’ ના કર્તાના કહેવા પ્રમાણે હેમાચાર્યે વનદેવતાએ નાંખેલા વિઘ્નને પોતાના જ્ઞાન પ્રભાવથી દૂર કરી તે શ્રી સુવ્રતના મંદિરમાં પાછા આવ્યા.

હવે આપણે કુંભારીઆના નેમિનાથના મંદિરમાં આવેલી પ્રતિમા નીચે કોતરેલા લેખ વિષે જોઇએ. આપણે જોયું છે કે તેમાં ત્રણ જુદી જુદી બાબતો છે. (૧) શ્રી મુનિસુવ્રતની પ્રતિમા, (૨) અશ્વાવબોધ તીર્થ, અને (૩) શકુનિકા વિહારતીર્થ; વળી તેમાં બે તીર્થોના જીર્ણોદ્ધારની વિગત પણ છે. હવે આપણે ‘ તીર્થ કલ્પ ’ ની મદદથી આ તીર્થો વિષે તથા તેમના જીર્ણોદ્ધાર કરનાર વિષે સંપૂર્ણરીતે જાણ્યું છે. હવે પ્રતિમાઓના દરેક ભાગ ઓળખી કાઢવાનું કાર્ય બાકી રહ્યું છે. ચિત્રો તરફ જોતાં એમ માલુમ પડે છે કે પહેલી આકૃતિમાં મૂળ ચિત્ર છે અને બીજી આકૃતિ મૂળના કરેલા ચિત્ર ઉપરથી છે. આ પ્રતિમા જે આકૃતિ ૨ માં આલેખી છે તે આબુ ઉપરના તેજપાળના મંદિરમાંની છે અને તે શ્રીસુવ્રતને અર્પણ કરેલા ભોંયરામાં આવેલી છે. પણ ભોંયરૂં ઘણુંજ નાનું હોવાથી ફોટોગ્રાફ પાડી શકાય તેમ નહોતો, તેથી તેનું ચિત્ર કાઢવામાં આવ્યું છે, એમ સ્પષ્ટજ છે કે બીજી આકૃતિનું ચિત્ર તદ્દન આબુ છે; પણ પહેલી આકૃતિમાં મૂળનો નિચેનો અર્ધો ભાગ જ છે. તેથી વધારે વિસ્તારને માટે બીજી આકૃતિ ઉપર આપણે આધાર રાખવો જોઇએ, હવે આ આકૃતિના ઉપલા ભાગમાં આવેલું એક તીર્થંકરનું દેવળ છે તે બેશક મુનિસુવ્રત સ્વામીનું જ છે, જેનું વર્ણન લેખમાં કરવામાં આવ્યું છે અને જે પહેલાં અશ્વે બંધાવેલું તથા સુદર્શણા અને ત્યારબાદ અમ્બડે સમરાવેલું હતું. જે અશ્વ અને તેની પાસે જ લગામ ઝાલીને ઉભેલો માણસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચીતરેલો છે તે, સ્પષ્ટ રીતે કહી શકાય કે, પેલો અશ્વમેધનો અશ્વ હશે અને પાસે ઉભેલો આદમી ભૃગુકચ્ચનો રાજ્ય કર્તા જીતશત્રુ હશે, કે જેની પાસેથી આ અશ્વને છોડવવામાં આવ્યો હતો. દેવાલયની જમણી તરફ એક બાજુએ સમશેરને જમણા હાથમાં રાખીને તથા એક બાલકને ખોળામાં લઇને બેઠેલો એક સૈનિક છે. નિઃસંશય પણે આપણે કહી શકીએ કે આ લંકાનો અધિપતિ ચંદ્રગુપ્ત તથા તેની પુત્રી સૂદર્શણા હશે, જેને ભરૂચના એક વેપારી નામે ધનેશ્વરે જોઇ હતી. ધનેશ્વરને પણ બીજી બાજુએ રાજાને આપવાની ભેટ લઇને પાછળથી આવતા સેવક સહ ચિતરવામાં આવ્યો છે. નીચેના અર્ધા ભાગની બરાબર જમણી બાજુએ એક નદીનો દેખાવ છે. તથા કાચબા, દેડકાં, મઘર, માછલાં વિગેરે જળચર પ્રાણીઓના દેખાવ ઉપરથી આપણે બેલાશક કહી શકીએ કે તે નદીનો દેખાવજ છે; અને આ નદી તે નર્મદાજ હશે જેના કોઇક ભાગ ઉપર થઇને સુદર્શણા ભરૂચમાં આવી હશે. આ નદીમાં બે નૌકાઓ કાઢવામાં આવી છે જે સુદર્શણાનીજ હશે તેમાંની મોટી નૌકામાં જે સ્રી ઉપર છત્ર ધરવામાં આવ્યું છે તે ખરેખર સુદર્શણાજ હશે. આ પ્રતિમાના બાકીના ભાગ ઉપર સુદર્શણાના શકુનિકાના અવતારની વિગત છે. આ ઝાડ ઉપરની સમળી તે શકુનિકા છે અને ઝાડ તે કોરંટ વનમાં આવેલું વડનું ઝાડ છે તેની નીચે કાઢેલો માણસ તે તેને બાણ મારતો શિકારીજ છે. આપણે જાણીએ છીએ કે આ સમળી માંસનો કટકો લાવી હતી તેથી પ્રથમની આકૃતિમાં તે સમળી માંસનો કટકો કરડતી હોય તેમ દેખાવ આપ્યો છે. પણ બીજી આકૃતિમાં આ પ્રમાણે નથી. વળી નીચે એક બીજી સમળી ચિતરવામાં આવી છે જે બાણ વાગ્યા પછી પડેલી શકુનિકા હશે એમ ધારી શકાય. તેની પાસે બે જૈનસાધુઓ છે જેમના હાથમાં ચમરીઓ છે અને એકના હાથમાં કમંડલુ છે. તેમાંનો એક તે પેલો સાધુ છે કે જેણે તેના ઉપર પાણી છાંટયું અને તેને પંચનમસ્કાર ભણાવ્યા, જેથી તે રાજાની પુત્રી તરીકે અવતરી. બીજી આકૃતિ ઉપર નીચેના બેઉખુણામાં એક સ્રી તથા એક પુરૂષ છે, બેઉના હસ્ત જોડેલા છે અને પુરૂષની પાસે એક પાટીયું છે. સુદર્શણાની શકુનિકાના અવતારના દેખાવ સાથે આ દેખાવને કાંઇ સંબંધ નથી. પહેલી આકૃતિમાં તેમની જગ્યા ઉલટાસુલટી કરવામાં આવી છે; અને બે બાજુએજ બેને ચિતરવાથી મૂળ દેખાવ સાથે તેને કાંઈ સંબંધ હોય એમ જણાતું નથી. મુનિસુવ્રતની દેવકુલિકા ઉપર પણ આ બંને સ્રી પુરૂષોને કોતરવામાં આવ્યા છે તે કોણ છે એ ખાસ કરીને નક્કી થઇ શકે તેમ નથી, પણ અનુમાન એમ થઈ શકે કે તે અમ્બડ અને તેની ભાર્યા હશે, કારણકે જે લોકો પોતાના નામે અગર સગા-સંબંધીઓ માટે દેવળો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધાવે છે, અગર તેનો જીર્ણોદ્ધાર કરાવે છે તે લોકો પોતાની પ્રતિમાઓ પણ મૂકતા જાય છે એ વાત સાધારણ છે, અને તેને કાંઇ સાબીતીની જરૂર નથી. અને અશ્વાવબોધ તથા શકુનિકા વિહાર તીર્થ વિષેનો આ લેખ છે તેમજ અમ્બડના વખતથી અર્વાચિન છે, તેથી એમ બની શકે કે જ્યારે તે ત્યાં ગયો અને મંદિરનો જીર્ણોદ્ધાર તેણે કરાવ્યો ત્યારે તેણે પોતાની ભાર્યાની તેમજ પોતાની પ્રતિમાઓ ત્યાં બેસાડી હોય.

—ડી. આર ભાન્ડારકર—

યોજક,

મુનિરાજ શ્રી જિનવિજયજી.

# આસક્તિ રહિત કર્મ.

( ૩ )

( ગતાંક પૃષ્ટ ૨૧ થી શરૂ. )

હમે ગતાંકમાં જણાવી ગયા કે આપણું જીવન એ આપણું એકલાનું જ જીવન નથી, પણ અનંત વિશ્વ–જીવનનો તે એક અંશ છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની પ્રથકતા, વિભિન્નતા, ભેદભાવ, એ બધું કોઈ મહાન ઇશ્વરી યોજનાને લઇને આપણા વિકાસની વર્તમાન અવસ્થામાં આપણને પ્રતિત થાય છે. પરંતુ તેવું જુદાપણું, એ સત્યની ઘટનાનો સ્થાયી અંશ નથી. સરિતાના પ્રવાહમાં પ્રતિત થતા વમળો આપણી ચર્મચક્ષુને વમળ રૂપે જણાતા છતાં પણ તે જેમ સરિતાના અખંડ અવ્યવહિત પ્રવાહથી ભિન્ન નથી, તેમ આપણું વ્યક્તિ જીવન પણ વ્યકિત રૂપે નિરાળુ પ્રતિત થતા છતાં પણ અખિલ જીવનથી ભિન્ન નથી, આ પ્રકારની સર્વ જીવનની એકતાનું ભાન ઉદય થયા વિના આત્મા અન્ય આત્માઓ ના હિત માટે, સેવા માટે, કાંઈ પણ યથાર્થ સ્વાર્પણ કરી શકતો નથી. દયા, પરોપકાર, અનુકંપા, પ્રેમ, માયાળુપણું એ બધાનું વાસ્તવ અવલંબન આ આંતરિક એકતાના સંબંધ ઉપર રહેલું છે. એ સંબંધનું ભાન અથવા ઉપયોગ જોકે આપણી આ અવસ્થામાં વ્યકતપણે આપણે અનુભવી શકતા નથી પરંતુ આત્માનો જે કાંઇ સ્વાભાવિક ધર્મ છે તે પ્રતિ તેનો વેગ નિરંતર રહ્યાજ કરે છે. ડાહ્યા પુરૂષોએ વેગનું નિદાન સમજીને જે સંબંધમાંથી તે વેગ ઉદભવ્યો હોય છે તે સંબંધનું ભાન સ્પષ્ટ પણે પોતામાં ઉદયમાન કરવા, અને તેનું રહસ્ય પોતાના હ્રદયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાયી ભાન રૂપે કાયમ રાખવા ઉદ્યમશીલ રહે છે. આથી અમે કહ્યુ છે કે આપણુ જીવન માત્ર આપણા પોતાનાજ વ્યક્તિ વિકાસ અર્થે નહી પરંતુ સર્વના વિકાસ અને શ્રેય અર્થે સમર્પાવું ઘટે છે. આજ કારણથી આ વિશ્વની યોજના એવા પ્રકારે ઘટાએલી જણાય છે કે એક જીવનની અસર અન્ય જીવન-ખંડો ઉપર નિરંતર થયાજ કરે છે, અને તેમાંથી સમસ્ત યુગનીપ્રગતિ ઉપજી આવે છે. આસક્તિ રહિત કર્મ કરનાર મહાનુભાવે આ વિશ્વની પરમ અદ્દભુત યોજનાનું સ્વરૂપ સમજવું જોઈએ અને જેટલે અંશે તે યથાર્થ પણે સમજી શકાય તેટલા અંશે તે વ્યક્તિ જીવનના ભાન રૂપી બંધનમાંથી મુક્ત થઇ સમષ્ટિ જીવનના વિશાળ-બહુવ્યાપી, ભવ્યત્તર જીવનનો ભોક્તા બની શકે છે. વાસ્તવમાં બંધન અને મુક્તિ એ સ્થળાંતર રૂપે નથી, પણ ઉપયોગના ભાનના ( consciousness ) જ્ઞપ્તિના ઉચ્ચત્તર પરિણમન રૂપે છે. અને જ્ઞાન વિના, વિશ્વ અને આત્માની યથાર્થ સમજણ વિના એ ભાન એ ઉપયોગ ઉદ્દગમાન થવો અસંભવિત હોઇનેજ આપણા શાસ્ત્રકારોએ “ જ્ઞાનવડેજ મુનિપણું છે એમ ડિંડિમ નાદથી પોકારીને કહ્યું છે. જ્ઞાન અથવા સમજણ એ આપણને ઉચ્ચત્તર ઉપયોગ અથવા ભાનમાં સ્થિર કરે છે. અને તેમ થતાં વિશ્વ, આત્મા ઈશ્વર આદિ સંબંધની આપણી સાંકડી દૃષ્ટિના સ્થાને વિશાળ, ભવ્ય, બહુવ્યાપી દૃષ્ટિ ( outlook ) પ્રતિષ્ઠિત થાય છે. જેટલા અંશે આમ થાય તેટલા અંશે આપણે બંધન મુક્ત બનીએ છીએ. મુક્તિ એ કાંઇ આચારરૂપ, વિધિરૂપ કે કર્મકાંડરૂપ નથી, પરંતુ ઉપયોગના પલટાવા રૂપે છે એ કદી ભૂલવું જોઇતું નથી. વિશ્વની ઘટના, આત્મા, પરમાત્માનું સ્વરૂપ, એ આદિની સમજણ મેળવવા માટે મનુષ્યે જાતે પોતાની ખુલ્લી દૃષ્ટિથી જોવાની જરૂર છે. કોઇ ગ્રંથ વિશેષ કે મહાત્મા અથવા એકલા પેગમ્બરને વળગીને બેસી રહેવાથી ખરા અર્થમાં “જ્ઞાન”ની પ્રાપ્તિ કદી થતી નથી. ખરૂં છે કે શાસ્ત્રીય ગ્રંથો અને મહાત્માઓનું સેવન આપણા હૃદયના મળને દુર કરવામાં કોઇ અંશે ઉપકાર છે, છતાં તે સેવન વડે ગ્રંથમાં કે મહાત્મામાં રહેલું જ્ઞાન આપણામાં દાખલ થઇ શકતું નથી. ગ્રંથો અને મહાજનો આત્મ-પ્રગતિના પથ ઉપર આપણને અંગુલિ નિર્દેશ રૂપે છે; આપણે આપણા ગ્રંથો અને મહાત્માઓ માત્ર આપણી સ્વતંત્ર બુદ્ધિવૃતિ અને વિવેક ચક્ષુ ઉપરના પડળને ઉતારવા માટે ઉપયોગી છે, આપણો વ્યક્તિ વિકાસ આપણી પોતાનીજ બુદ્ધિ અને વિવેક શક્તિના ઉપયોગ દ્વારા સાધી શકાય તેમ છે. આજ કારણથી આપણા જૈન શાસ્ત્રકારોએ પ્રસાદ-વાદનો બહિષ્કાર કરેલો છે. ટુંકામાં, વિશ્વ સાથે અને અન્ય આત્માઓ સાથે આપણો વાસ્તવ સંબંધ શું છે તે આપણે જાતે જોતાં અને અનુભવતાં શીખવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને એકવાર તમે ખુલ્લી નજરથી, નિર્મળ દૃષ્ટિએ, વિવેક પુર:સર નિહાળી જોશો તો તમને જણાશે કે એક આત્મા સર્વ આત્માઓ સાથે અભેદ ભાવે સંબંધ યુક્ત છે. જેમ સર્વ સર્વના માટે છે તેમ એક સર્વના માટે છે અને સર્વ એકના માટે છે. કેમકે એક સર્વથી અભિન્ન છે અને સર્વ એકથી અભિન્ન છે. આ કથનનો અનુભવ કદાચ આ કાળે તમે નહીં કરી શકો, મર્મ તમારા હૃદયમાં ઘર નહી કરી શકે, અને એ સાર પૂર્ણ વાકય અમે નિરર્થક ફેંકી દીધું ગણાશે, છતાં પણ અમારાહૃદયનો પ્રિય અનુભવ અમે અક્ષરાત્મક કરવાની વૃત્તિ રોકી શકવા અશક્ત છીએ.

મનુષ્યની પ્રજ્ઞાચક્ષુ જુએ છે કે આપણી આસપાસ પ્રતિત થતી બધી નાની મોટી ઘટનાઓ, કાર્યો, વ્યતિકરો એ સર્વ અત્યંત અર્થપૂર્ણ છે. અને તે આપણા પોતાના જીવન સંબંધેજ નહી પણ અખિલવિશ્વના સંબંધે એ અર્થ-યુક્ત છે. આપણી પ્રગતિ અને સ્વરૂપ અભિવ્યક્તિ અર્થે, એક ક્ષુદ્ર ભાસતું કાર્ય આપણને ગમે તેટલું નિર્જીવ અને તુચ્છ ભાસે, પરંતુ વિશ્વની મહાન યોજક અને અનંત ડહાપણવાળી દૃષ્ટિએ તે તેવું નથી. આ મહાન યોજનામાં કોઇ ચોકસ હેતુની પૂર્તિ માટે, કોઇ અમુક ઉદ્દેશની સિદ્ધિ અર્થે તે અતિ આવશ્યક હોય છે, અને તે તુચ્છ જેવું કાર્ય કરવાનું આપણને પ્રાપ્ત થયું હોય તો તેને ભાગ્યદત્ત કાર્ય સમજીને આપણે સારામાં સારી રીતે તે બજાવવું જોઇએ. આપણી દૃષ્ટિથી તે કાંઇજ લેખાતું નથી તેથી તેને વેઠરૂપે નહી કરતા, પરમાત્માની દૃષ્ટિથી તેને અત્યંત અગત્યનું અને સારયુક્ત સમજીને બની શકે તેટલી ઉત્તમ રિતે તેને નિભાવવું જોઇએ. વિશ્વમાં પ્રતિત થતા પ્રત્યેક સ્થળાતંર સ્થાનાંતર, સ્થિત્યાંતર, પરિણામાંતર અર્થયુક્ત છે; કશુજ આડેધડે, કારણ રહિતપણે, હેતુ શૂન્યપણે થતું નથી એમ જ્ઞાની જનોની દૃષ્ટિ જુએ છે. શેત્રંજની રમતમાં સોગઠાઓનું હલન ચલન જેમ અજાણ્યા મનુષ્યને અર્થ વિનાનું જણાય છે તેમ વિશ્વના નાના મોટા વ્યાપારો અણસમજુઓને અર્થ વિનાના ભાસે છે, ઘણીવાર શેત્રંજની રમત ખેલનારાઓ પણ રમતની શરૂઆતમાં રચવામાં આવેલી સોગઠાઓની સ્થિતિ અને હિલચાલનું છેવટનું પરિણામ સમજી શક્તા નથી, અને તે સોગઠાના એકાદ હલન ચલનને બહુ અગત્યનું ગણતા નથી, પરંતુ રમતની આખરે અગત્ય વિનાના ગણાએલા તે હલન ચલનના સારાસાર પરિણામની તેમને ખબર પડે છે, તેમ અનેકવાર એવું પણ બને છે કે જ્ઞાની જનો પણ અમુક નિર્માલ્ય સરખા ભાસતા કાર્યોનું અંતિમ પરિણામ તેના ખરા અર્થમાં શરૂઆતમાં જોઇ શક્તા નથી, છતાં તેઓ એટલું તો નિરંતર પોતાના હૃદય પટ ઉપર કોતરી રાખે છે કે વિશ્વની પ્રત્યેક ગતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગતિ આત્માનું પ્રત્યેક હલન ચલન, પ્રત્યેક આંદોલન, પ્રત્યેક સ્ફુરણ અર્થ વિનાનું નથી, અને એક તુચ્છમાં તુચ્છ બનાવ અખિલ વિશ્વની સાથે સંબંધ યુક્ત છે, તે પોતે આ અનંત જ્ઞાનવડે યોજાએલી મહા યોજનાનો અર્થ અનંતમાં ભાગે પણ સમજી શકતો નથી, છતાં તેના હૃદયમાં એટલી તો સંપૂર્ણ શ્રદ્ધા હોય છે કે તેમાં બધુજ કલ્યાણકર, મંગળકર, શ્રેયસ્કર છે. તે પોતાની ટુંકી દૃષ્ટિથી કશુંજ જોતો નથી, ટુંકી અને અલ્પ મતિએ ભાસતા સુખ દુઃખના પ્રસંગોમાં તે કશીજ સુખરૂપતા કે દુઃખરૂપતા જોવાની ના પાડે છે, જો કે પ્રભુની દૃષ્ટિ હજી તેને પ્રાપ્ત થઈ હોતી નથી, છતાં એટલું તો તે ચોકસપણે માનતો હોય છે કે પોતાની અલ્પ સમજણવાળી દૃષ્ટિએ જે કાંઇ ભાસે છે તે અખિલ સત્ય નથી, પરંતુ એક ટુંકા પ્રદેશમાં, અમુક દેશકાળની અવધિ પર્યંત, પોતાના માટે તે ખંડ સત્ય રૂપે છે, અને તે સાથે તેનું હૃદય હમેશા એવા ભાવનો વિલક્ષણ આનંદ ભોગવ્યા કરતું હોય છે કે મારી નજરે અમુક પ્રસંગ ગમે તેવા સુખ દુઃખના અર્થવાળો ભાસે છતાં પ્રભુની અનંત જ્ઞાન યુક્ત દૃષ્ટિમાં તે પ્રસંગ મારૂં શ્રેય કરનાર અને પરિણામે પરમ સુખમયજ છે.

અને આથી આસક્તિ રહિત કર્મ કરનાર ખરો જ્ઞાની કોઈ દીવસ કોઇ જાતની ફરીયાદ કરતો નથી; તે જાણે છે કે છેવટને સરવાળે બધું ઠીકજ થવાનું છે, વળી તે જાણતો હોય છે કે, મારે ભાગ જે કર્તવ્યનો ફાળો આવેલો છે તે કર્તવ્ય મારી પોતાની ટુંકી દૃષ્ટિએ કદાચ અકિંચિત્કર ભાસતું હોવા છતાં આ મહાન યોજનામાં અર્થ કાંઇકપૂર્ણ ઘટના રચવામાં તે નિમિત્ત ભૂત થવા નિર્માએલી છે, અને તેથી તે મહાનુભાવ હસતા મુખે એ કર્તવ્યમાં જોડાય છે, જેઓના હૃદયમાં આ પ્રકારની શ્રદ્ધા નથી હોતી, તેઓ અનંત જ્ઞાનવડે રચાએલી તે ઘટનાની ઉપયુક્તતા સામે બળવો ઉઠાવે છે, અને તેની વિરૂદ્ધ પોતાને પ્રાપ્ત થએલી બુદ્ધિ શક્તિવડે બનતા વિઘ્નો નાખે છે, જો કે તેમની વિરૂદ્ધતા કે બળવો કાંઈ લાંબો કાળ દૈવી સત્તા કે યોજના સામે નભી શકતાં નથી, છતાં અણસમજુ લોકોને યોજનાની સામે પોતાનો અણગમો જાહેર કરવાની અને પોતાની મતિથી એ ઘટના વિશ્વના કે પોતાના કલ્યાણઅર્થે નિરૂપયોગી અથવા હાનીકારક હોવાની મુર્ખાઇનું જાહેરનામું ફેરવ્યા કરે છે, પોતાને અઠીક લાગતું કોઇ ઠેકાણે કાંઇક થાય કે તેઓ એવી ઘટના સામે પોતાનો વાંધો રજુ કરી દે છે, પોતાના ડહાપણથી ભાસતી અનિષ્ટ તા સામે અરૂચી કે "પ્રોટેસ્ટ" નો ઠરાવ બહાર પાડે છે—મોકલી આં છે, જેમને દૈવી યોજનાની હિત કરતામાં શ્રદ્ધા નથી તેમની ફરીય અને અણગમો નિરંતર જારીજ રહે છે, તેઓ જ્યાં ત્યાં મુર્ખાઈ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અક્કલની નીશાનીઓ જોયા કરે છે, અનંત કૌશલ યુક્ત દીવ્ય કારીગરનો હસ્ત જોવાને બદલે તેઓ વિશ્વના પ્રત્યેક સ્થાનમાં સ્વચ્છંદ જ્ઞાનનો ગેરઉપયોગ નિહાળે છે, તેઓ કહે છે કે, એ સત્તામાં જો કાંઈ અક્કલનો છાંટો હોય તો તે કસ્તુરીને કાળી શામાટે બનાવે? ગુલાબને કાંટા શામાટે આપે? ચોતરફ જન્મ, જરા, મૃત્યુ, વ્યાધિ કષ્ટ, ચિંતા, શોક, કલહ આદિનો સંભવ શામાટે ઉપજાવ્યા કરે? એ સત્તાને ત્યાં ન્યાયનું નામ નિશાન હોય તો ઘણા લાયક સજ્જનો શામાટે અન્ન વસ્ત્રના સાં સાં ભોગવે છે, અને જાડી બુદ્ધિના નાલાયક મનુષ્યો એશ આરામ અને વૈભવની પરંપરામાં રાત દિવસ નિર્ગમે છે, શ્રદ્ધાહિન જનોની આવી દલીલોનો ઉત્તર દેવાનો આ પ્રસંગ નથી, પણ એટલુંજ કહેવા દો કે એ બધા તર્કો અને શંકાઓ વિશ્વના સાંગોપાંગ અવલોકનની ખામીમાંથી ઉદ્દભવે છે, તેઓ એક નાના સરખી વ્યક્તિના હિતાહિત કે સુખ દુ:ખને લક્ષ્યમાં રાખીને પોતાની ટીકા પ્રસિદ્ધ કરે છે, જ્યારે વિશાળ દૃષ્ટિ પૂર્વક સમગ્ર વિશ્વના હિતનો સંકેત પોતાની બુદ્ધિની મર્યાદામાં તે રાખી શકશે, ત્યારે તેને પોતાના આગલા વિચારો અવશ્ય ફેરવવા પડશે, પછી જ્યાં ત્યાં એ મનુષ્ય હિતકર સંકેતનેજ ગતિમાન થતો જોયા કરશે, આ મહાન, ભવ્ય યોજનાનું કાંઇક રહસ્ય તેને અવગત થયા પછી તેની દૃષ્ટિ બદલાય છે, તેની દૃષ્ટિમાંથી મિથ્યાપણું નીકળીને ત્યાં સાચાપણું, સમ્યક્‌પણું પ્રતિષ્ઠિત થાય છે. પછી તે બધા સ્થાનમાં, બધા પ્રસંગોમાં અર્થ યુક્તતા, સહેતુકતા, શ્રેયસ્કરતા, અને તે બધા ઉપરાંત કોઈ મંગળમય સત્તાનો હસ્ત જોઇ શકે છે, પછી બળવા અને વિરૂદ્ધતામાંથી ઉત્પન્ન થતા હૃદયના ઘસારાનું દર્દ નાબુદ થાય છે, પ્રથમ જ્યાં તેને બળાત્કારે હડસેલવામાં આવતો ત્યાં હવે તેને કોઈ પકડી દોરી જતો અનુભવાય છે, પછી તેને સમજાય છે કે પ્રથમ તેને જ્યાં બળાત્કાર અને શિક્ષા જણાતી પરંતુ તે વખતે તેની વિકૃત બુદ્ધિ તેમાં કઠોરતા, નિર્દયતા, જોતી હતી, જાગૃત થએલો મહા ભાગ આત્મા વસ્તુ સ્વરૂપ જે પ્રકારે છે, તે પ્રકારે કોઇ અંશે જોતા શીખ્યો હોય છે, બીજાઓને જે પ્રસંગ રોવરાવે છે, તે પ્રસંગ તેને હૃદયમાં હસાવતો હોય છે. કેમકે તે રૂદન ઉપજાવનાર ઘટનાની પછવાડે રહેલો મંગળમય ઉદ્દેશ તે યથાર્થપણે જોતો હોય છે, મૃત્યુની વિકરાળ ભયાનક મૂર્ત્તિ પછવાડે તે નર્કને નથી જોતો પરંતુ સ્વર્ગ જુવે છે, જન્મ, જરા વ્યાધિ મરણ એ બધાને તે ખરા અર્થમાં, સાચા સ્વરૂપમાં, જોઇ શકતો હોવાથી ઉપલક દૃષ્ટિને તેમાં જે અનિષ્ટતા અને ભયકારકતા ભાસે છે તે તેને મુદ્દલ જણાતી નથી, એ બધાને તે શ્રેયનાજ સંકેત માનતો હોય છે, અને આમ હોવાથી કર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં તેને લઇ જાય ત્યાં તે આનંદથી નિર્વેદ રહિતપણે, હસતા મુખે, બાલકને સુલભ શ્રદ્ધાથી દોરાય છે, ઘસારામાંથી ઉદ્દભવતુ દર્દ તેને મુદ્દલ થતું નથી, હવે તે પ્રભુનાજ ધોરી માર્ગમાં કુચ કરતો હોય છે, અને એ માગની બન્ને બાજુએ રહેલી મનોહર લીલાને ભોગવતો, મ્હાલતો, પોતામાં પ્રગટેલી પ્રભુ–પ્રેમની મસ્તિ પુર્વક નિરંતર પ્રગતિ કરતો રહે છે, તે કોઇપણ કાર્યમાં કે હલન ચલનમાં પોતાનો સ્વછંદ સ્વીકારતો નથી, પરંતુ બધે મંગળકારી જુએ છે, એ નેતૃહસ્ત ગમે ત્યાં લઇ જાય ત્યાં તે ખુશીથી જાય છે, પછી તેનુ પ્રથક અભિમાન લય થતું ચાલે છે.

પ્રિય બંધુ ? કદાચ તમને એમ લાગતુ હશે કે " ઉપર દોરેલું ચિત્ર એ માત્ર ફીલોસોફીનું જ ચિત્ર છે. તત્વજ્ઞોનું સ્વપ્ન છે. કોઇ આદર્શ સ્થિતિની ભાવના માત્ર છે. ભાવનામાં તે સ્વપ્નમય ચિત્ર ગમે તેવું સુંદર હોવા છતાં વ્યવહારમાં તે ઉપયોગી નથી. " આના ઉત્તરમાં અમારે એટલુંજ કહેવાનું રહે છે કે તમને હજી વિશ્વમાં પ્રવૃતિની વિવિધ શાખાઓમાં વિહરતા મહાન જનોના અંતઃકરણની સાચી સ્થિતિની ખબર નથી. કદાચ તમને સાંભળીને અજાયબી થશે, મનુષ્ય–પ્રયત્નની વિવિધ શાખાઓમાં અગ્ર સ્થાને વિરાજનાર અનેક મનુષ્યોનું હૃદય અમે ઉપર જણાવેલી ભાવનાને વ્યક્ત કે અવ્યક્ત પણે અનુસરે છે. તેમને એમ જણાય છે કે " અમે કોઇ મહાન સત્તા વડે દોરાઇએ છીએ " અને તેઓ એ સત્તામાં વિશ્વાસ રાખતા શીખ્યા હોય છે. એ સત્તાનું કે વિશ્વાસનું તેમના અંતઃકરણમાં જોકે ઘણીવાર બહુ સ્પષ્ટ ઉગ્ર ભાન હોતું નથી, છતાં તેઓ તેને અનુસરવા માટે પ્રેરાય છે. તેઓ પોતાના હૃદયમાં ઉતરીને એ સત્તાનું સ્વરૂપ વિચારવા જોકે અવકાશ મેળવતા નથી, છતાં તેમને એમ જણાતું હોય છે કે મારા ઉપર ઈશ્વરની કૃપા છે અને મારી પાસે લાભવાળુ કામ જ કરાવે છે. આવી ભાવના અનેક સજ્જનોના હૃદયમાં વિરાજતી અમે જોઇ છે સાંભળી છે અને વાંચી છે. આપણા દેશના મોટા પુરૂષોમાં આત્મવૃતાંત ( auto–biography ) લખવાની, અથવા પોતાના હૃદયની ભાવનાઓ ડાયરી રૂપે નોંધવાની પણ પ્રથા નથી. જો તેવું હોત તો તેમના હૃદય ભાવોનું આ સ્થળે દિગ્દર્શન આપવા, અને તેમ કરીને અમારી દલીલનું સમર્થન કરવા અમે શક્તિમાન થાત. પરંતુ યુરોપ અને અમેરીકાના અનેક મહાન પુરૂષો, પ્રવૃતિમાં ગમે તેટલા નિમગ્ન હોવા છતાં પોતાના હૃદય–ભાવોને અક્ષરાત્મક કરવાની તક લે છે. અમારા વાંચવામાં એવું એક ચરિત્ર આવેલું છે તેમાંથી આ સ્થાને થોડુંક અવતરણ કરીશું. ઉદ્યોગનો પિતા ગણાતો એક અનર્ગળ ધનનો સ્વામી એક સ્થાને એવા ભાવનું લખે છે કે " લોકો મારા સબંધમાં એવું માને છે કે હું અત્યંત પ્રબળ ચારિત્રવાન વ્યક્તિ છું, અને દુનીઆને જ્યારે ખ્યાલ પણ ન હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે હું અદ્દભૂત યોજનાઓ અને ઘટનાઓનું નિર્માણ કરતો હોઉં છું. આ લોકોની માન્યતા સાવ ખોટી છે. હું એવો દુરદર્શી મુદ્દલ નથી. મારી આસપાસના સમુદાય કરતા મારામાં કશુંજ અધિક નથી. ઘણીવાર તો હું એક વખતે એક પગલા કરતા અધિક દુર જોઇજ શકતો નથી. તેમ છતાં મને એમ ભાસ્યા કરે છે કે મારા મનના કોઈ અગોચર પ્રદેશમાં બધીજ યોજનાઓ તૈયાર રહેલી છે. અને વખત આવ્યે તે મને તેની મેળે સુઝી આવશે. મને એમ જણાય છે કે જાણે હું કોઇ શેત્રંજની રમતનું સોગઠુ છું. અને કોઇ મહત્તર સતા, વિશ્વના પ્રાણી પદાર્થોમાં કોઇ શુભ અવસ્થાંતર ઉપજાવવા માટે, મને સાધન તરીકે વાપરે છે. આ અવસ્થાંતરો કે પરિવર્તનો શું હશે તેની કશી રૂપરેખા મારા હૃદયમાં નથી. વળી તે સાથે એવું તો હું મુદ્દલ માનતો નથી કે મારામાં કોઇ ઉચ્ચગુણોના કારણથી ઇશ્વરની મારા ઉપર ખાસ મહેરબાની છે, મને શરમ છોડીને કહેવા દો કે મારામાં બીજામાં ન હોય તેવું કશુંજ નથી. હું કોઇ જાતની ખાસ કૃપા માટે લાયક નથી. મારા બીજા બંધુઓ કરતાં કોઇ પ્રકારે હું વધારે સમજણ વાળો, વધારે સારો કે યોગ્ય નથી. કેટલીકવાર મારા હૃદયમાં એવો ભાવ પુર જોસમાં પ્રગટી નીકળે છે કે હું જે કાંઇ કરૂં છું તે મારા પોતાના માટે નથી કરતો, પરંતુ બીજાઓના માટે કરૂં છું—કદાચ આખા યુગ માટે કરૂં છું. છતાં મારા કાર્યમાં બીજાઓનું અને યુગનું શું કલ્યાણ રહેલું હશે એ હું જોઇ શકતો નથી. અરે ! કલ્યાણની વાત જવાદો પણ એથી ઉલટું હું મારા કાર્યથી અનેકનું માઠું થતું નજરો નજર જોવું છું. મારી વિસ્તારેલી બાજીમાં હજારો લોકો લાખો રૂપીઆ ગુમાવે છે અને હજારો લોકો મારા કાર્યોથી ત્રાસ પણ અનુભવે છે. આમ નજરે જોવું છું છતાં મારૂં હૃદય એમ માનતું હોય છે કે એ બધુ યોગ્યજ થાય છે· મારા વિપુલ દ્રવ્યમાંથી મને કશીજ મજા મળતી નથી. દ્રવ્ય મળ્યા પછી મને તે જાય કે રહે તેની લેશ પણ પરવા રહેતી નથી. છતાં એ દ્રવ્ય મેળવવાની જે બાજી હું રચું છું તે બાજીને સાંગોપાંગ સફળ પણે ઉતારવાના કાર્યમાં હું અત્યંત રસ લઉં છું. મને તેમાં એક રસપ્રદ રમતમાંથી મળતો આનંદ અનુભવાય છે પરંતુ એ આનંદ, રમત ચાલતા દરમ્યાનજ મળે છે. જ્યારે રમત પુરી થઇ ત્યારે તેની હારજીત વીશે મારા મનમાં કશોજ ખેદ કે હર્ષ થતો નથી. મારા કામમાં હું રમતનાં જેવો રસ લુંટું છું. પરંતુ કામના ફળને હું જોવા પણ ઉભો રહેતો નથી. આ બધુ શાથી થતું હશે એ મને પોતાને કશું સમજાતું નથી. કેવી નવાઇની વાત કે જે કાર્ય હું આટલા રસથી કરૂં છું તેના ફળો ઉપર હું ક્ષણ પણ વિરમતો નથી. તેમ છતાં એટલો તો મને પૂર્ણ પણે વિશ્વાસ છે કે એ બધાનો કાંઇક મર્મ હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભલે અત્યારે મને એ મર્મ નથી સમજાતો તેથી શું થયું ? કદાચ એક વખત એવો પણ આવી પહોંચે કે જ્યારે આ બધુ દ્રવ્ય મારી પાસેથી લઇ લેવામાં આવે, અને કદાચ તેમ થાય તો પણ મને પાકી ખત્રી છે કે એ દેખીતી હાનીના સ્થાને મને અવશ્ય કાંઇક એવું મળવાનું કે જેથીએ બધાનો બદલો વળી જાય. મને આવું આવું નાનપણથીજ અનુભવાયા કરે છે. અને એ બધાનો કશોજ અર્થ નહી સમજતાં છતાં હું મારી જાતને કોઇ ઉચ્ચત્તર મહત્તર સત્તા વડે દોરાવાની રજા આપું છું. એ સત્તા કોણ હશે તે પણ હું સમજતો નથી. આથી મારા સ્વરૂપનું કોકડું એવું ગુંચવણ ભરેલું મને જણાય છે કે તમને તેનો ખ્યાલ પણ ન આવે. અને તે છતાં મને તો આનંદ છે. કેટલીક વાર એ સત્તા વડે દોરાવાની હું ના પાડતો, ત્યારે મને કાંઇને કાંઇ ઇજા થતી, હાની થતી, અને જ્યારે તેને વશ થતો ત્યારે મને અવશ્ય લાભજ થતો લોકો જ્યારે મારી અક્કલ અને કુશળતાની પ્રશંસા કરે છે ત્યારે ખરે-ખર મને ભારે હસવું આવે છે. કેમકે મારી અક્કલનું સાચું માપ હું સારી રીતે સમજુ છું. હું આ મહાન યોજનામાં એક યંત્ર માત્ર છું. એ યંત્રને કોણ હલાવે છે તે હું જાણતો નથી. એ યંત્રનો ચાલક મારા ઉપર કાંઇ સવિશેષ કૃપા રાખે છે એમ હું માનતો નથી." વિગેરે વિગેરે.

આ મનુષ્યને જાણ્યે અજાણ્યે જે કર્મની ભાવના પ્રાપ્ત થઇ હતી; જેને કાર્યનું રહસ્ય ( Secret of work ) કહેવામાં આવે છે તેની કુંચીનું કાંઇક તત્વ ઉપલબ્ધ થયું હતું. તમે જોઇ શકશો કે તે કાર્યના પરિણામની પ્રય-ત્નના ફળની કશીજ લાલસા, કશોજ દાવો રાખતો ન હતો. અને પ્રવૃતિના ક્ષેત્રમાં તેનો રસ સર્વદા જામેલોજ રહેતો. ફળના અનુસંધાન પૂર્વક, પરિણામોની આસ-ક્તિથી બંધાઇને તે કશામાં જોડાતો ન હતો, પરંતુ સબંધ યોગથી, કામના અંગે રહેલા રસની ખાતર તે કામ કરતો હતો. અને તેમ છતાં તેની આસપાસના સમુદાયને તે સંસારના સામાન્ય કીડા જેવો ફળલીપ્સાવાન આસક્ત મનુષ્ય જેવો જણાતો હતો. તેને એમ ભાસતું હતું કે તે પોતે આ મહાન યંત્રના એકાદ નાના સરખા ચક્ર જેવો છે. અને એ ચક્રે પોતાને ભાગ આવેલું કાર્ય યથાર્થ પ્રકારે બજા-વવુંજ જોઇએ. તે મનુષ્ય જે કાંઇ કર્ય કરતો, અથવા ખરા અર્થમાં કહીએ તો કરતો જણાતો હતો, તે કાર્ય ઘણા મનુષ્યને દુઃખદાયક અને અનર્થકારક થઇ પડતું. તેની બાજીમાં હજારો લોકો પાયમાલ થઇ જતા અને તેના મગજમાં ઉપ-જેલી મહાન યંત્રણામાં પીલાઇ જતાં, છતાં બારીક પણે નિરીક્ષણ કરનારને એ દેખીતી અનિષ્ટતાની મધ્યમાં ઇષ્ટનુંજ દર્શન થતું હતું. એટલે કે એ મનુષ્યના કાર્યદ્વારા વિશ્વના આર્થિક સંયોગોમાં કોઇ શ્રેયસ્કર પરિવર્તન થવા નિર્માણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું. થોડા મનુષ્યોની દેખીતી સ્વાર્થહાની દ્વારા વિશ્વના વિશાળ હિતનો તેમ સંકેત રહેલો હતો.

ઉપર હમે જે ફકરો ઉતાર્યો છે તે ફકરો લખનાર ધનાઢય મનુષ્યને હમે આપના આગળ, આસક્તિરહિત કર્મ કરનાર એક આદર્શ વ્યક્તિરૂપે ધરીએ છીએ એમ માનવાનું નથી. તે ખરો કર્મ યોગી અથવા અબંધ યોગી મુદ્દલ નથી. કેમકે તેનુ બધું કામ સમજણ વિનાનું, અવ્યક્તભાવ વાળુ હતું તેનો ઉપયોગ અર્ધ સ્વપ્ન જેવો, ઝાંઝવા જેવો અસ્ત વ્યસ્ત હતો. સાચો અબંધ યોગી પોતાના કાર્યની પાછળ જે તત્વ રહેલું હોય છે તેને જોઇ સકતો હોય છે. તે ભાન પૂર્વક, ઉપયોગ પૂર્વક, જ્ઞાન સહિત બધું કરે છે. આ બધું રહસ્ય તે વ્યક્તપણે સમજતો હોય છે. અમે જે ઉપરનું ઉદાહરણ ટાંકયું છે તે માત્ર એટલાજ અર્થે કે હમોએ અત્ર ચર્ચેલી ભાવના તમે ધારો છો તેટલી અજ્ઞાત કે અપરિચિત નથી. બધા મહાન કાર્યો એ ભાવનામાંથીજ ઉદ્દભવે છે. હજારો આત્માઓમાં એ ભાવના આ કાળે અવ્યક્તપણે કામ કરી રહી છે. પ્રવૃતિના અસંખ્ય પ્રદેશોમાં મોખરે વિરાજનારા મનુષ્યો આ તત્વનું જ અનુસરણ જાણ્ય અજાણ્યે કરી રહેલા છે એમ નિકટ અવલોકનકારોને પ્રતિત થયા વિના રહેતું નથી. અમે એમ નથી કહેતા કે તેઓ આ ભાવનાને સાંગોપાંગ સમજ્યા હોય છે. અમે માત્ર એટલુંજ કહીએ છીએ કે તેઓ કામની ખાતર કામ કરે છે, કામમાં રસ છે માટે કામ કરે છે. તેમને કામમાં મજા આવે છે તેથી કામ કરે છે. ચોપાટ ખેલવાની ખરી મજા ખેલવા દરમ્યાન છે. રમી રહ્યા પછી પરિણામ હારમાં કે જીતમાં આવે તેને કોઇ કશુંજ મહત્વ આપતું નથી તેજ પ્રમાણે ઘણા મનુષ્યો કામને રમત જેવું ગણી તે કરે છે. આનંદથી, બને તેટલી સારામાં સારી રીતે. રસપૂર્વક, ઉલ્લાસ પૂર્વક કરે છે. કાર્યની વિગતો, તેની પેટા વિગતો, બધી જાણી લેવામાં તેમને મજા આવે છે. કુશળ સંગિતવેત્તા પોતાનું સંગિત આલાપ પૂર્વક જેમ વિસ્તારી પોતાના કાર્યમાંથી ઉદ્દભવતી મજા જેમ લુટે છે તેમ ખરો અબંધયોગી પોતાના હૃદયમાં રહેલા કાર્યના વેગનો બહિર્ભાવ કરીને તેમાંથી આનંદ મેળવે છે. પોતાનામાં રહેલી યોગ્યતા બહિર્પ્રદેશમાં વ્યક્ત કરવામાં તે અત્યંત રસ અનુભવે છે. અને પરિણામોનું શું ? તે તો ઠીકજ છે. ફળને ફળ પોતેજ ભલે સંભાળી લે. તેની તેને પોતાને કશીજ દરકાર હોતી નથી. ફળને ખાતર ઝાવા મારવાની બાળક બુદ્ધિની ભૂમિકાને તે વળોટી ગયો હોય છે. એ રમકડા બાળકોને જ શોભે. વિજયનું પારિતોષિક તેના મનથી કશુંજ કીમતી નથી. વિજય માટે કાર્ય કરવા દરમ્યાન મળેલો રસ એજ તેને મન પુરતો બદલો છે.

આ ભાવના વડે દોરાઇને કામ કરનારાઓની સંખ્યા, સામાન્યપણે ધારવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે તે કરતાં ઘણી વધારે છે. અને હમેશા તે સંખ્યાનું પુર વધતુંજ જાય છે. વિશ્વ ઝડપથી એ સત્ય તરફ ગતિ કરી રહ્યું છે, એ ચોકસ માનો. તમે પોતે પણ એ પદના અભિલાષી હો એવું અમે માનીએ છીએ. ( અપૂર્ણ. )

# પંદરમા વર્ષમાં પ્રવેશ,

## અને

## તત્સંબંધી ઉપયોગી સૂચનાઓ.

મને ચૌદ વર્ષ પૂરાં થયાં, પંદરમાં વર્ષમાં હું હવે પ્રવેશ કરૂં છું. ચૌદ વર્ષના પ્રારંભમાં મ્હારી ભાવનાઓ મેં પ્રદર્શિત કરી હતી, તે ભાવનાઓ કેટલે અંશે ફળીભૂત થઇ છે તે વાંચકવર્ગે વિચારવાનું છે. જૈન દર્શનમાં ચૌદ અને પંદરના અંકનો કેવો મહિમા છે, એનો વિચાર કરતાં આત્માનંદમાં કેટલો વધારો થાય છે, તેનો અનુભવ તદ્દ વિષયના અભ્યાસી સિવાય બીજાને શી રીતે આવી શકે! આનંદ એ આત્માનો મૂળ સ્વભાવ છે. અષ્ટકર્મ પૈકી વેદનીકર્મ ક્ષય થવાથી આત્માનો સ્વાભાવિક પૂર્ણ આનંદ પ્રગટ થાય છે. ને પૂર્ણાનંદમાં રમણુતા કરે છે. અનંતાકાળથી જીવ-આત્મા–મિથ્યાત્વના સંગમાં રહી સમ્યક્ આનંદના સ્વરૂપથી અજ્ઞાત રહેલ છે, અને પુદ્ગલીક વસ્તુમાં આનંદ માને છે. આ આનંદ સ્વતઃ સ્વાભાવિક નથી. તે મેળવવાને બીજી વસ્તુઓ ઉપર આધાર રાખવો પડે છે. પાંચ ઇંદ્રિના ત્રેવીશ વિષય પૈકી અનુકુળ વિષયની પ્રાપ્તિ થવાથી, તેમાં રમણુતા કરવાથી તે જે આનંદ મેળવે છે, તે ક્ષણિક હોય છે. છતાં જીવ અજ્ઞાનના પાશમાં પડેલો હોવાથી તે પ્રસંગે પોતાના જીવનને કૃત્યકૃત્ય માને છે. જ્ઞાનીઓ આ આનંદને વાસ્તવિક આનંદ માનતા નથી, પણ શાતાવેદની કર્મના વિપાક ફળનો ઉદય માને છે. આ વિપાક ફળના ઉદયનો કાળ પૂર્ણ થયાથી જીવને અશાતા થાય છે. ને પાછો તે મેળવવાને પ્રયત્ન કરે છે, એમ શાતા–અશાતાના વિપાક ફળના અનુભવમાં પોતાનો કાળ નિર્ગમન કરે છે અને કાળચક્રમાં ફેરા માર્યા કરે છે. આત્માનો સ્વાભાવિક આનંદ પ્રગટ કરવા માટે મિથ્યાત્વનો ત્યાગ કરવો પડે છે. મિથ્યાત્વનો ક્ષય અથવા ઉપશમ અથવા ક્ષયોપશમ થવાથી આત્માનો જે સ્વાભાવિક ગુણ પ્રગટ થાય છે, તે સમ્યકત્વના નામથી ઓળખાય છે. પૂર્ણાનંદ પ્રાપ્ત કરવાને ચૌદ ગુણસ્થાનકોના અંતીમ ભાગ સુધી આત્માને પહોંચવું પડે છે :અને તેની શરૂઆત ચોથા ગુણસ્થાનકથી થાય છે. જે ચોથે ગુણસ્થાનકે આવે તેને ઉત્તરોત્તર કાલે કરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને ચૌદમું ગુણસ્થાનક જરૂર પ્રાપ્ત થવાનું. અહિંસાદી અને આત્માનો સ્વાભાવિક આનંદ પૂર્ણપણે પ્રગટ થાય છે. આ સ્વાભાવિક આનંદ પ્રાપ્ત થયા પછી તે કોઈ વખત જતો નથી. આ ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ જાણી તે ગુણો પ્રગટ કરવાને માટે યથાશક્તિ વીર્ય ફોરવવાની દરેક જીવની મુખ્ય ફરજ છે. એ ફરજ બજાવવામાં પોતાના જીવનનો જે કંઇ કાળ ગયો તેટલા અંશે તેનું જીવન સાર્થક છે. નહીં તો બકરીના ગળાના આંચળના ન્યાયે જીવનનો કંઇ ઉપયોગ નથી. દુનિયામાં એક કહેવત છે કે "ચાર જાણે તે ચૌદ જાણે" ચૌદ જાણવાની ઇચ્છાવાળાએ પ્રથમ ચાર જાણવા જોઇએ. તે ન્યાયે ચૌદ ગુણસ્થાન પ્રાપ્ત કરવાની ઇચ્છાવળાએ ચોથા ગુણસ્થાનકનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે જાણી તે ગુણ પોતાને પ્રાપ્ત થાય તેવી તીવ્ર ભાવના પોતામાં ઉત્પન્ન .કરવી જોઇએ. સમકિતના બે ભેદ છે. વ્યવહાર અને નિશ્ચય. નિશ્ચય સમકીત પ્રગટ કરવા તે વ્યવહાર સમકિતના ભેદ જાણી યથાશક્તિ તેમાં પ્રગતી કરવાથી કંઇ ને કંઇ અંશે આપણે સમ્યક્ ગુણ પ્રાપ્ત કરી શકીશું. વ્યવહાર સમકિત એ નિશ્ચયને પ્રગટ કરવાનું પ્રબળ નિમીત કારણ છે. અને સમકીતની પ્રાપ્તિ એ આત્માના :સ્વભાવિક આનંદનું પહેલું પગથીયું છે. પ્રિય વાંચક મહારા જીવનનો ઉદેશ માહારા વાંચક વર્ગને વ્યવહાર અને નિશ્ચય સમકીતનું સ્વરૂપ સમજાવી જ્ઞાન, દર્શન અને ચારિત્ર જે આત્માના અનંત ગુણોનું સ્થાન છે, તે મેળવવાને તે જીજ્ઞાસુ બને, તેમનામાં તેવી નૈસર્ગીક શકિત ઉત્પન્ન થાય તેમ કરવાનો છે. ગત ચૌદ વર્ષમાં માહારા ઉદ્દેશને સફળ કરવાને યથાશકિત પ્રયત્ન કર્યો છે. અને તે જો આપને લાગે તો હું પોતાને ભાગ્યશાળી માનીશ.

જીવ ચૌદમા ગુણસ્થાનકના અંતે સિદ્ધસ્થાન મેળવી અનંત અવ્યાબાદ સુખનો ભોકતા થાય છે. તે અમુક લીંગવાળા જ મેળવી શકે એવો જૈનદર્શનકારનો મત નથી. દ્રવ્યલીંગ ગમે તે પ્રકારનું હોય તોપણ ભાવથી ઉતરોતર ગુણસ્થાનક પ્રાપ્ત કરનાર તે મેળવી શકે છે. શાસ્ત્રકારોએ તેના પંદરભેદ બતાવેલા છે. આ પંદર ભેદનું સ્વરૂપ માહારા પંદરમા વર્ષની શરૂઆતમાં વાંચક વર્ગના ધ્યાન ઉપર આણવું એ મને અવશ્યનું લાગે છે. એનું સ્વરૂપ જાણવાથી જૈન દર્શનકારોના વિશાળ હૃદય અને ભાવનાઓનો ખ્યાલ આવશે. દરેક દર્શનવાળા પોતાના અમુક સિદ્ધાંતો પાળનારજ મુકિત મેળવી શકે એમ માનતા જણાય છે, જ્યારે જૈનદર્શન તેમ માનતું નથી. જૈનદર્શન ફકત ગુણોનો જ પક્ષપાત કરનાર છે. સમ્યક્ ગુણવાન જ આત્માનું સમ્યક્ સ્વરૂપ પ્રગટ કરવાને ભાગ્યશાળી થઈ શકે પછી તે જૈન હો કે જૈનેતર હો. જગત જેને જૈન ભાષામાં લોક સંજ્ઞાથી ઓળખવામાં આવે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ લોકનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે ઓળખવાને દરેક દર્શનકારોએ પ્રયત્ન કરેલો છે. અને તેને સારૂ શાસ્ત્ર રચનાઓ કરેલી છે. વસ્તુના યથાર્થ સ્વરૂપનું વર્ણન જેઓએ તેનું યથાર્થ સ્વરૂપ જ્ઞાનથી જાણ્યું હોય અને દેખ્યુ હોય તેજ કરી શકે. દરેક દર્શનકારો જગતને જુદા જુદા સ્વરૂપથી ઓળખાવે છે તેવો અરસપરસ મતભેદ છે. એ મતભેદ સદાકાળ ચાલ્યાજ કરવાનો. આત્માર્થિઓએ એવા મતભેદમાં નહી સપડાતાં વસ્તુનો સમ્યક્ સ્વભાવ અને સ્વરૂપ કેવું છે, તે જાણવાને પ્રયત્ન કરવો જોઇએ. દરેક દર્શનવાળા મુકિતને ઇચ્છે છે, અને મુકિતનું સ્વરૂપ પોતાના દર્શનમાં જેવું બતાવેલુ હોય છે તે પ્રમાણે તે બતાવે છે. અમુક દર્શનકારોએ બતાવેલું મુકિતનું સ્વરૂપ ખરૂં છે કે મિથ્યા છે, એ વિષયમાં નહીં ઉતરતાં જૈન દર્શનકારોએ ચૌદ રાજલોકના અંતે લોકના અસંખ્યાતમે ભાગે પીસતાળીશ લાખ યોજન પ્રમાણ સિદ્ધ શિલા છે, તેના ઉપર આલોકને ફર્શીને પોતપોતાની અવગાહના પ્રમાણમાં સર્વથા કર્મ મળથી રહીત સિદ્ધ–મુકત–આત્માઓ સાદિ અનંત ભાગે પોતાના સ્વરૂપમાં રમણ કરતા રહે છે. મુકત આત્માને ફરી જન્મ ધારણ કરવો પડતો નથી. એવું મુકિતનું સ્વરૂપ બતાવ્યું છે." જૈનદર્શન દરેક આત્મા જુદો જુદો માને છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ, અને ચૈતન્ય લક્ષણ એક જાતનું હોવાથી તે અપેક્ષાએ દરેક આત્મા એક જાતના છે એમ મનાય છે. મુકત આત્માઓ શીવાય બાકીના તમામ આત્માઓ સંસારી કહેવાય છે, ત્યાંસુધી જીવો મુકિત પ્રાપ્ત કરતા નથી ત્યાંસુધી તેમને ચારગતિરૂપ સંસારમાં જન્મ મરણ કરવા પડે છે એ જન્મ–મરણથી રહીત એવી આત્માની જે સ્થિતિ તે મુકિત. (૧) તીર્થંકર ભગવંત જેમને અરિહંત ભગવંત કહે છે તે. (૨) તીર્થંકર સિવાયના બીજા પુંડરીક ગણધર વિગેરે સામાન્ય કેવલી. (૩) તીર્થંકર ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી તીર્થની સ્થાપના કર્યા બાદ મોક્ષે જાય તે તીર્થ સિદ્ધ. (૪) તીર્થંકર તીર્થની સ્થાપના કરે તે પહેલાં જે મોક્ષે જાય તે અતીર્થ સિદ્ધ. (૫) ગૃહસ્થના વેષમાં રહ્યા જે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તે ગૃહસ્થલિંગસિદ્ધ. (૬) યોગી સંન્યાસી તાપસના વેશમાં રહીને જે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તે અન્યલિંગ સિદ્ધ. (૭) સાધુ વેશે જે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તે સ્વલિંગ સિદ્ધ. (૮) સ્ત્રીવેદપણું પામી કેવળજ્ઞાન ઉત્પન્ન કરે સ્ત્રીલિંગ સિદ્ધ. (૯) પુરૂષવેદે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તે પુરૂષલિંગ સિદ્ધ. (૧૦ કૃત્રિમ નપુંસક વેદપણું પામી કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તે નપુંસક લિંગસિદ્ધ. અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે જેઓ જન્મથી નપુંસક હોય તેનામાં કેવળજ્ઞાન ઉત્પન્ન કરવા જેવી શકિત હોતી નથી, ને તેઓ તે લિંગથી સિદ્ધ મુકત થઇ શકતા નથી. (૧૧) કોઇ પદાર્થ એટલે બાહ્ય નિમિત દેખી પ્રતિબોધ પામી ચારિત્ર લેઇ કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તે પ્રત્યેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધસિદ્ધ. (૧૨) ગુરૂના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણાદિકે પ્રતિબોધ પામીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તે સ્વયં બુદ્ધસિદ્ધ. (૧૩) જે ગુરૂનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તે બુદ્ધબોધિત સિદ્ધ. (૧૪) જે એક સમયમાં એકજ મોક્ષમાં જાય:તે એક સિદ્ધ. (૧૫) એક સમયમાં ઘણા મોક્ષમાં જાય તે અનેક સિદ્ધ. એ પ્રમાણે પંદર ભેદથી જીવો મુકિત મેળવી શકે છે. આ પંદર ભેદથી મુકિત મેળવનાર જીવોને નિચેની દશ સરતો લાગુ પડે છે.

૧ ચાર ગતિમાંથી મનુષ્ય ગતિવાળા જીવો જ મુકિત મેળવી શકે. તિર્યંચ પંચેંદ્રિ ગતિવાળા મુકિત મેળવી શકે નહીં. કેટલાક દર્શનકારો એમ માને છે કે પરમેશ્વર અમુક હાથી વીગેરે તિર્યંચ પંચેંદ્રીને મુકિત આપી,પણ જૈન દર્શનકારોનું એવું માનવું છે કે.મનુષ્યગતિ સિવાયના બીજી ગતિવાળા જીવો તે ગતિમાં રહ્યા થકા મુકિતમાં જઇ શકે નહીં.

(૨) એકેંદ્રિથી માંડી પંચેંદ્રિ સુધીના જીવોમાંથી પાંચ ઇંદ્રિવાળા મનુષ્ય જ મુકિત મેળવી શકે.

(૩) સ્થાવર અને ત્રશ બે પ્રકારના જીવોમાં ત્રશકાયવાળા જીવોમાંથી જ મુકિતમાં જઇ શકે. મનુષ્ય પંચેંદ્રિ એ ત્રશ કાયની કોટીમાં આવે છે.

(૪) ભવ્યજીવ મોક્ષ જઇ શકે, અભવ્ય જઈ શકે નહીં.

(૫) સંજ્ઞી જીવ મોક્ષે જઈ શકે. અસંજ્ઞી–જેઓને મન નથી તેઓ મોક્ષે જઈ શકે નહીં.

(૬) પાંચ ભેદ ચારિત્રના છે, તેમાં યથાખ્યાત ચારિત્રવાળા જ મોક્ષે જઇ શકે. બાકીના ચારિત્રવાળા તે ચારિત્રમાં રહ્યાથકા મોક્ષે જઇ શકે નહિ.

(૭) ક્ષાયિક સમ્યકત્વવંત મોક્ષે જઇ શકે, બીજા સમ્યકત્વવાળા જઇ શકે નહીં.

(૮) કેવળજ્ઞાન તથા (૯) કેવળદર્શનવાળા જીવ મોક્ષમાં જઇ શકે છે.

આ નવ સરતોમાં અમુક દર્શનવાળા આવે ને અમુક દર્શનવાળા ન આવે એવો ભેદ નથી. ગમે તો જૈન દર્શનવાળા હોય, પણ જો તેમનામાં આ દશમાંથી એક પણ શરત ઓછી હોય તો તેઓ ઇચ્છીત સ્થાન મેળવી શકે નહીં. અને જૈનેતર દર્શનવાળા હોય ને તેમનામાં જો ઉપરની દશ શરતો સંપૂર્ણ હોય તો તેઓ મુકિત મેળવી શકે. એવા મુક્ત જીવો જ પરમેશ્વર પરમાત્મા છે. તેઓ સત્દેવ છે, ને તેઓ જ આરાધનીય–ઉપાશનીય છે. તેઓજ અઢાર દુષણથી રહિત હોય છે. તેઓજ સત્ય માર્ગગામી હોય છે, અને તેઓ જે માર્ગે ગયા તે માર્ગ જ આરાધનીય છે. તેમનો કહેલો ધર્મજ સતધર્મ છે. કેમકે તેમનામાં પક્ષપાત હોતો નથી. તેઓજ રાગદ્વેષથી રહિત હોય છે. પરમેશ્વરને ગમે તે નામથી પુજે–માને તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરકત નહીં, પરમેશ્વરને આ વખતમાં કોઇએ સાક્ષાત્ જોયેલા નથી, પણ તેમનામાં ગુણોનું આરોપણ કરીને તેમને ઈશ્વિર પરમાત્મા તરીકે આપણે માનીએ છીએ. તેમનામાં કોઈ જાતના દુષણનું આરોપણ થવું ન જોઇએ. અઢાર દુષણથી રહિત પરમેશ્વર છે, એવી ભાવનાથી ઈશ્વરનું આરાધન કરવાથી પરંપરા આપણે પણ તેમના જેવા ને શકિતવાન થઈ શકીશું.

વાચકવર્ગ ! મહારા પંદરમા વર્ષમાં સિદ્ધના પંદર ભેદનું યથાર્થ સ્વરૂપ સમજી ઉન્નતિ માર્ગમાં આગળ વધો એવી મ્હારી પ્રબળ ઇચ્છાથી આ નવીન વર્ષમાં હું પ્રવેશ કરૂં છું.

જગતના ઉદ્ધાર માટે પૂર્વાચાર્યોએ આપણા ઉપર ઉપકાર કરી આપણા માટે જ્ઞાનભંડારોનો મ્હોટો વારસો મુકી ગયા છે, તે વારસાનો આપણે જો ઉપયોગ નહીં કરીએ તો તેમાં આપણને મોટું નુકશાન છે. જૈન પ્રજા વેપાર ધંધામાં આગળ વધવાને મહાન પ્રયત્ન કરી રહી છે. એ પ્રયત્નની સાથે તેઓ પોતાની કર્ત્તવ્યબુદ્ધિને ખીલવવાને ઉત્સાહવંત જણાતા નથી. સમ્યક્ જ્ઞાનાભ્યાસ અને વાંચન તરફ તેમની યથાર્થ રૂચી જણાતી નથી. એ રૂચી તેમનામાં ઉત્પન્ન કરવી એ દરેક કર્ત્તવ્યપરાયણ મનુષ્યની ફરજ છે. જયાંસુધી જૈનપ્રજામાં સમ્યક્જ્ઞાનનો વધારો થશે નહીં, ત્યાંસુધી તે ઉન્નતિક્રમમાં આગળ વધી શકશે નહીં. સમ્યક્જ્ઞાનની શરૂઆત માર્ગાનુસારીના યથાર્થ જ્ઞાનથી થાય છે. જેમનામાં માર્ગાનુસારી જેવા સામાન્ય ધર્મનું યથાર્થ જ્ઞાન નથી, તેઓ પોતાની ઉન્નતિ શી રીતે સાધી શકશે? ગૃહવ્યવહારમાં લાગેલા ઘણા જીવો પોતાને આ જ્ઞાન મેળવવા, તેનું વાંચન મનન કરવા અમને પુરસદ નથી એવો બચાવ કરી છટકી જવા માગે છે—વાસ્તવિક તેમને આ વિષયમાં રૂચિ નથી એજ ખરૂં કારણ છે. વખતની કિંમત કરનારા અને પોતાનો વખત ગેર રીતે ન જાય એવી કાળજી રાખનારાઓને કામ કરવાનો અને પોતાની જાતિસુધારણાનો એટલો બધો વખત મળે છે કે દુનિયામાં તેઓ નામાંકિત અને અનુકરણીય વ્યક્તિની ગણત્રીમાં આવી શકે છે. દુનિયામાં આગળ વધનારાએ પ્રથમ વખતનો સદઉપયોગ કરતાં શીખવું જોઇએ. જો તેઓ વખતનો સદ્‌ઉપયોગ કરશે તો જરૂર તેમને જ્ઞાનાભ્યાસનો વખત મળ્યા સિવાય રહેશે નહીં. અને સમ્યક્ જ્ઞાનાભ્યાસમાં આગળ વધનાર સ્વપર ઉન્નતિ સાધી પરંપર મુક્તિ મેળવવાના માર્ગમાં આગળ વધી આત્માનંદ પ્રાપ્ત કર્યા સિવાય રહેશે નહીં.

**વકીલ નંદલાલ લલ્લુભાઈ.**
(વડોદરા.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



Bombay. 28 th August 19

To,

The Hon. Secretaries,

The Jain Swetamber Education Board. pydhowni, Bombay.

Dear Sirs,

Education among Jain in Bombay Presidency.

I beg to forward herewith my suggestions on the question of Education among Jains in the Bombay Presidency and the duty of the Education Board as reviewed from the Director's Report of the Public Instnution of the Bombay Presidency for the year ending 31 st. March 1916 and to request the favour your kindly placing the same bef ore the next meeting of the members of your Board.

2. As mentioned therein the total school going Jain Students number about 19,800/- which is arrived at as follows:—

| | | |
|---|---|---|
| Primary Schools | | 17,064. |
| Secondary | ,, | 2,235. |
| Special | ,, | 259. |
| Colleges | | 242. |
| Total Number | | 19,800. |

The number of Jains Students in primarySchools is 17064 while that of These for secondary is only 2235 which is only 13.09 % of the formerin fact nearly 87% of Jain Students of the Primary Schools stop advancing in Secondary Education looking at which one surely cannot, but surprise at such a horrible decrease. It is therefor advisable that we must strive to find out the cause of all this and improve the state of affairs.

3. I beg to be allowed to suggest for the kind consideration of the members of the Education Board to start enquiries through those Hon. Secretaries of eachoprovince in the Bombay presidency who may be reques ted to furnish the Education Board

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



with the exact figure of the jain students studying in their province in a tabular form showing under separate headings Number of total students standard by standard ( Gujaratias well as English ). It would be better if any standard form is first approved and rpinted so that copies may be distributed to each province through these Honourary Secrearies who would collect them duly filled in and forward them to the Board.

4. on receiving the above inf ormation as t the exact number of Jain Students in every province from these Secretaries in the Bombay Presidency. it would be easy for the Education Board to find out the exact No. of Jain Students atcending in primary. seconcary. special schools & Colleges. their causes of leaving the Course and to make suggestions to the Jain Public to remedy the defect.

5. Under the circumstances I request you to kindly place my suggestions as mentioned above before the next meeting of your Board and to let me know their decision for which I shall feel obliged.

Yours truly.
*Narotam B. Shah.*

શ્રી આત્માનંદ પ્રકાશના તંત્રી જોગઃ—

કેળવણીની ઉન્નતિ અર્થે જ્યારે ચારે બાજુથી તેની આવશ્યકતા સ્વીકારવામાં આવે છે ત્યારે કેળવણી સંબંધી આપણી શું સ્થિતિ છે તે ઉપર પ્રમાણે એજ્યુકેશન બોર્ડ ઉપર મોકલવામાં આવેલ અરજીમાં દર્શાવેલ હકીકત ઉપરથી ખુલ્લું માલૂમ પડે છે. માટે આ બાબત એજ્યુકેશન બોર્ડ તરફથી કાંઇ પણ વ્યવહારીક પગલા ભરવામાં આવે તે સારૂ આપણા તરફથી પ્રગટ થતાં શ્રી જૈન આત્માનંદ પ્રકાશ માસીકના અંકમાં લેખ યા તો આપની તરફથી લેખકને અંગે જે જે સૂચનાઓ યોગ્ય લાગે તે કેળવણીના અંગે આપી એજ્યુકેશન બોર્ડ આ બાબત યોગ્ય પગલા ભરે તે સંબંધી લેખથી જણાવશો તો સેવા બજાવી ગણાશે. લી૦ સેવક,

નરોતમ બી. શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ❀ आवश्यक सूचना ❀

हमारे पल्लीवाल भाइयो !

आजकल संसार में समस्त मानव जातियां अपनी २ उन्नति करने में संलग्न हैं। जहां तक दृष्टि पहुंचती है प्रत्येक मनुष्य तन मन धन से अपनी जाति के उत्कर्ष के लिए प्रयास कर रहा है। सर्वत्र उन्नति तथा सुधार की पुकार सुनाई देती है तथापि बडे खेदके साथ निवेदन करना पडता है कि हमारी पल्लीवाल जाति परमोपकारी भगवान श्री महावीर स्वामी जी की सन्तान कहलाने पर भी अबतक एसी गाढ निद्रा में सोई हुई है कि जिसका पारावार नहीं। उसे इस प्रकाशमय जगत में अबभी अपनी उन्नति तथा अवनति का ध्यान नहीं है। उसी अन्धकार में भूले भटकों की भांति चलने का स्वभाव विद्यमान है। कुछ भाई श्वेताम्भर आम्नाय को त्याग कर दिगम्बरादि आम्नाय धारण कर रहे हैं। उनको इतने पर भी संतोष नहीं किन्तु अन्य पल्लीवाल भाइयों के प्रति दिगम्बर आम्नाय को प्राचीन बतलाकर पूर्वजों की सनातन श्वेताम्मबर आम्नाय को त्याग कराने की चेष्टा कर रहे हैं; और मन्दिरों में श्वेताम्बर मूर्त्तियोंके स्थानमें दिगंबर मूर्त्तियां विराजमान करते जाते हैं और श्वेताम्बर आम्नाय का विधिसे पूजन इत्यादि भी करनेसे रोका जाता है इसका एक मात्र कारण यही है कि हमारी पल्लीवाल जातिमें अपने कर्त्तव्यका ध्यान नहीं हैं क्योंकि उन्हें श्वेताम्बर सम्प्रदाय के अनुसार उपदेश नहीं मिलता प्रत्युत्तर इसको यह की दीगंबर संप्रदायकी अनुकुल मिलने वाले हिन्दी भाषाके ग्रन्थ अथवा समाचार पत्रों को पढकर अपने भावों को बदलते हैं। परन्तु अपने सम्प्रदाय तो किसी मुखपत्र के देखने का ध्यान नहीं देते इस त्रुटि का मूल कारण यह है कि अधिकांश में हमारे ग्रन्थ अथवा समाचारपत्र संस्कृत अथवा गुजराती भाषा में मिलते हैं अतएव ऐ जातिके नेताओ ! घोर निद्रा से उठो और इश शोचनीय दशा की और ध्यान दो कि अपनी प्राचीन श्वेताम्बर आम्नाय के अनुसार पूजन इत्यादि धर्म कार्य करने में असमर्थ रहोगे अतः ऐसे महाशयों से भी प्रार्थना है कि जो श्वेताम्बर सम्प्रदायको भूल गए हैं वह अपनी प्राचीन श्वेताम्बर आम्नाय को धारण करें क्यों कि विचार से ही उन्नति हो सकती है ॥

इस गिरि हुई दशा में भी पल्लीवालों के आदि से श्वेताम्बर होने के बहुत से प्रमाण हैं जिनमें से कुछ निम्न लिखित प्रमाण दिये जाते हैं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( १ ) पल्लीवालों के जहां मन्दिर है वहां भादों में पर्यूषणपर्व [अठाई] मानी जाती है दिगम्बरियों की भांति दस लाक्षनी नहीं ॥

( २ ) पल्लीवालों के जहां प्राचीन मंदिर हैं वहां केशर वगैरह चढती है । और जतीजी रहते थे व अब भी रहते हैं और कल्पसूत्रजी बांचते हैं ।

( ३ ) पल्लीवाल विजय गच्छ के हैं और पल्लीवालों के जतीजी भी विजय गच्छ के हैं और पल्लीवालोंके जती जी भी विजयगच्छ के हैं जैसे—

श्री १०८ श्री मुलतान चन्द्रजी महाराज वसुवा में सेव.रामजी महाराज अलवर में मुलचंद्रजी महाराज सांतीमें मूरलीधर जी वैर में रामचन्द्र जी करौली में गोविंद चन्द्र जी हिंडौन में घनश्यामदास जी आगरे में रहते थे मुरलीधर जी वैर में मुरलीधर जी मिडाखुर में इन्हीं का अधिकार है वारैन का श्री पूज्य जी दीग में थे श्री हुक्मचन्द्र जी भरतपुर में थे श्री चन्द्रजी भरतपुर में थे कुम्हेर में जती थे जिन्होंने चन्द्रिका व्याकरण के उपर टीका बनवाई है ।

( ४ ) विवाहिता लडकी भादों की पञ्चमी करती हैं मगर दिगंबरीन की भांति चतुर्दशी नहीं करती

( ५ ) पञ्चमी करने वाली लडकियां श्वेतांबर साधुओं की कथा सुनती हैं और रात को छाया में पोसा भी करती है चौडे में दिगंबरीन की भांति नहीं करती ।

( ६ ) श्री महावीरजी का मन्दिर भी श्वेताम्बर है और उस मन्दिर को श्रीमान् दीवान जोधराज जीने बनवाया था वह पल्लीवाल श्वेतांबरी थे और उनका दूसरा बनाया हुआ मन्दिर दीग में है वहां पर भी कुल काम श्वेतांबरी नियम के अनुसार होता है ।

( ७ ) अब भी पल्लीवाल सर्व श्वेतांबर हैं कोई २ दिगंबर व आर्य्य समाजी हो गये हैं अगर दिगंबरो में से पल्लीवाल श्वेतांबर होते तो दिगंबर ज्यादा होने चाहिए थे क्यों कि वृक्ष की पीड से शाखा बडी नहीं होती है ॥

नोट—पल्लीवाल दिगंबर भाइयों ने पाठशाला स्थापित की है वे चन्दा तो श्वेतांबरों से लेते हैं परन्तु उन्होंने यह नियम रखा है कि सभासद दिगंबर ही हो सकते हैं और पाठशाला में पढाई भी श्वेतांबर आम्नाय की नहीं पढाई जाती यह बात विचारनीय है ॥ निवेदक— पल्लीवाल कमेटी
जती मोहल्ला भरतपुर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રમણ વર્ગને

# જાહેર વિજ્ઞપ્તિ.

૧ જૈન શ્રાવક વર્ગ હાલના જમાના અપાતું જ્ઞાન ( જે જ્ઞાનથી શ્રમણ વર્ગ તદ્દન અજ્ઞાત છે. ) લેતો હોવાથી અસલ પદ્ધતિથી જ્ઞાન લેતો શ્રમણ વર્ગ તેમના ઉપર છાપ પાડી શકતા નથી; અને તેથી જૈન ધર્મ ઉપર હાલના શ્રાવક વર્ગની શ્રદ્ધા ઓછી થતી જાય છે. આ રીત ચાલુ રહે તો થોડા વખતમાં ઘણુંજ ખરાબ પરીણામ આવવા સંભવ છે. અને તેથી હાલની પદ્ધતિનું જ્ઞાન શ્રમણ વર્ગને અવશ્ય હોવું જોઇએ એ વાત ચર્ચાયા કરે છે તેની જરૂરીયાત બધા તરફથી સ્વીકારવામાં આવી છે. પણ તે વિચાર અમલમાં મુકવા કંઇ પગલાં ભરાયા નથી.

૨ હાલના જમાનાને ઓળખનાર, ભવિષ્ય તરફ દૃષ્ટિ કરનાર, જૈન કોમનું ભલું ઇચ્છનાર કેટલાક સુજ્ઞ જૈનોના સખ્ત પ્રયાસથી ને સાધર્મીક ભાઈઓની આર્થિક સહાયથી આવી સંસ્થા શરૂ કરવાનો પ્રસંગ આવી લાગ્યો છે અને પાટણમાં સંવત્ ૧૯૭૪ ના માગશર અગર પોષ માસમાં સંસ્થા ખોલવાની હીલચાલ ચાલુ છે, પૈસા સંબંધીની મુશ્કેલી ગયા પછી તે સંસ્થાને મક્કમ કરવાનો આધાર તે સંસ્થામાં લાભ લેતા શ્રમણ વર્ગ ઉપરજ છે. અને તેની અમુક સંખ્યા થશે તો તે ખોલવા પ્રબંધ કરવામાં આવશે.

૩ તે સંસ્થામાં અભ્યાસ કરનાર શ્રમણ વર્ગને પોતપોતાની મુજબ ક્રિયા કરવાનો કોઇપણ પ્રકારનો બાદ નથી.

૪. તેથી વિનંતિ કરવાની કે જે જે શ્રમણો તે સંસ્થાનો લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ અમો નીચે સહી કરનારને લખી જણાવવા મેહેરબાની કરવી. જેથી અભ્યાસ કરનારાઓની કેટલી સંખ્યા થશે તેનો અંદાજ મળ્યેથી તે સંબંધી વિચાર કરી યોગ્ય શિક્ષકો વિગેરેની ગોઠવણ કરી શકાય.

હાજાપટેલની પોળ
અમદાવાદ. વકિલ કેશવલાલ પ્રેમચંદ.
તા. ૧૭–૮–૧૭

---

પરમપૂજ્ય પંન્યાસ શ્રી

અમદાવાદથી લી. વકીલ કેશવલાલ પ્રેમચંદના ૧૦૦૮ વાર વંદન અવધારશોજી. આ સાથેની વિજ્ઞપ્તિ ઉપર ખાસ આપનું ધ્યાન ખેચું છું, અને તે સંબંધમાં આપ સાહેબ પાસેના કોઇ પણ શ્રમણને લાભ લેવરાવવા આપની ઇચ્છા હોય તો નિચેની વિગત તાકીદે ભરી મોકલવા વિજ્ઞપ્તિ છે.

| | | |
|---|---|---|
| શિષ્યનું નામ | ગુરૂનું નામ | હાલનું નિવાસસ્થાન |
| ઉમ્મર | દિક્ષાપર્યાય | જન્મભાષા |
| હાલનો અભ્યાસ | સંસ્કૃત | માગધી |
| ન્યાય | સાહિત્ય | પ્રકરણ |

સંસારીપણામાં કેટલી ગુજરાતી ચોપડીનો અભ્યાસ કરેલો છે ? ઇંગ્રેજી અભ્યાસ કેટલો છે. વગેરે જે જે જણાવવા યોગ્ય લાગે તે. લી. સેવક,

વકિલ કેશવલાલ પ્રેમચંદ.

For Private And Personal Use Only

# સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું-છપાતા ઉપયોગી ગ્રંથો.

## માગધી-સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ " સત્તરીસય ઠાણ સટીક" શા. ચુનીલાલ ખુશાલચંદ પાટણવાળા તરફથી.

૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી.

૩ " રત્નશેખરી કથા " શા. હીરાચંદ મહેન્દ્રચંદની દીકરી બેન પરશીબાઇ પાટણવાળા ત.

૪ " દાનપ્રદીપ " શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત.

૫ " શ્રીમહાવીર ચરિત્ર " શ્રી નેમચંદ્ર સૂરિ કૃત — શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા. વાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણ સાથે.

૬ " ષટ્સ્થાનક પ્ર-સટીક " શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઇ માંગરોળવાળા તરફથી.

૭ " બંધહેતૂદય ત્રિભંગી સટીક" શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.

૮ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી.

૯ " ચૈત્યવંદન મહા ભાષ્ય" શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.

૧૦ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ" શા. મનસુખલાલ લલ્લુભાઇ પેથાપુરવાળા તરફથી.

૧૧ " સંસ્તાર પ્રકીર્ણ સટીક" શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.

૧૨ " શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક" શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.

૧૩ " ધર્મ પરિક્ષા જિનમંડનગણિ કૃત" બે શ્રાવિકાઓ તરફથી.

૧૪ " પંચનિગ્રંથીસાવચૂરિ" ૧૫ પર્યંત આરાધના સાવચૂરિ"

૨૬ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણીસાવચૂરિ" ૧૭ "બંધોદયસત્તા પ્રકરણ સાવચુરિ"

૧૮ " પંચસંગ્રહ શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.

૧૯ " ષડ્દર્શન સમુચ્ચય" શેઠ જીવણભાઇ જેચંદ ગોધાવાળા તરફથી.

૨૦ " ઉત્તરાધ્યાયન સૂત્ર" શ્રીમદ ભાવવિજયજી કૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી પાટણવાળા તરફ

૨૧ " શ્રી વિજયાનંદ કેવળી ચરિત્ર (મૂળ) પાટણ નિવાસી બેન રૂક્ષમણિ તરફથી.

**૨૨ प्राचिन लेखसंग्रह. (વિસ્તારયુકત ટિપ્પણી અને ઉપોદઘાત સાથે).**

**૨૩ विज्ञप्ति.**

**૨૪ विजयदेव महात्म्य. ( બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી સાથે ).**

**૨૫ जैन ग्रंथ प्रशस्ति संग्रह. ( જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો ).**

**૨૬ जैन ऐतिहासिक राससंग्रह. २७ प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाळा तरफथी.**

**૨૮ लिंगानुसासन-स्वोपज्ञ टीका. २९ धातुपारायण.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## हालमां नवा ग्रंथ छपाववानी थयेली योजना.

१ श्री अंतगडदशा सूत्र सटीक.
२ श्री अनुत्तरो ववाइ सूत्र सटीक.
श्री नंदी सूत्र सटीक.
बाकी हवे पछी.

## માંગરોળ કાઠીયાવાડના જૈન ભંડાર માટે પુસ્તકો.

શ્રી માંગરોળ (કાઠીયાવાડ) ના પુસ્તક ભંડારમાં આપવા સારૂ નીચે જણાવેલા હસ્ત લેખીત આગમો વેચાતા જોઇએ છે જેઓએ વેચવાના હોય તેઓએ નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો અથવા મળવું.

१ વિપાક સુત્ર અંગ ૧૧ મું
૨ પનવણા સુત્ર ઉપાંગ ચોથું
૩ મહા પચખાણ પયના ચોથું
૪ ચંદ્રવિજય પયના સાતમું
૫ દેવેંદ્રસીવ પ્રકરણ પપ ના આઠમું
૬ મરણ સમાધી વયના નવમું
૭ વૃ ત કલ્પ છેદ બીજું
૮ જીત કલ્પ છેદ ચોથું
૯ લઘુનીશીય છેદ પાંચમું
૧૦ વ્યવહાર છેદ ત્રીજું

**મુલચંદ હીરજી**
તે સા. અંદેરજી અભેચંદના એકઝીક્યુટર
કોટ ફીયરે રોડ નં० ૮૫
મુંબઇ.

શ્રીમદ્ વિજયાનંદ સૂરિ આત્મારામજી મહારાજના પરિવાર મંડળના મુનિઓના ચાતુર્માસ.

મુનિરાજશ્રી દોલતવિજયજી મહારાજ } મુરવાડ
,, ધર્મવિજયજી મહારાજ } જીલા—થાણા
મુનિરાજશ્રી માણેકવિજયજી મહારાજશ્રી ઓરૂ (પો. ચલીવડ ગુજરાત)
મુનિરાજશ્રી હિમતવિજયજી મુનિ નેમવિજયજી } મહુધા—ગુજરાત
મુનિ० ઊત્તમવિજયજી અને મુનિ મંગલવિજયજી }

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો

ઝવેરી નાનાભાઈ તલકચંદ માણેકચંદ રે. મુંબઇ પે. વ. લાઇફ મેમ્બર
શા० પોપટલાલ ઝવેરીલાલ ભાયાણી રે. બ.સરા પે. વ. વાર્ષિક મેમ્બર
શા० જેશંગભાઇ ખુબચંદ ભાયાણી રે. બગસરા ,, ,,

For Private And Personal Use Only